**સુવિચાર**

તમે આખા દિવસમાં કેટલું બોલ્યા એ મહત્વનું નથી. મહત્વનું એ છે કે તમે શું બોલ્યા અને એની શી અસર પડે છે. તમારી વાણીથી જ તમને વિજય મળશે, યશ મળશે.

:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૯/૨૦૨૪, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ ભાદરવા વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૨૩૬

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધ: હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા
યુરોલોજીસ્ટ
તારીખ : ૨૦-૦૯-૨૦૨૪,શુક્રવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
■ કીડની ■ પથરી ■ પ્રોસ્ટેટ
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## મુખ્યમંત્રીનાં આગમનને લઈને મંદિરમાં તડામાર તૈયારીઓ કરાઈ

# અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરે મુખ્યમંત્રી પૂજા-અર્ચના કરશે

છેલ્લા ૨૦૦ વર્ષ કરતાં વધુ સમયથી લાખો શ્રધ્ધાળુઓનાં આસ્થાનાં કેન્દ્ર સમા મંદિરમાં મુખ્યમંત્રી દર્શનાર્થે પધારશે

કલેક્ટર સહિતનાં ઉચ્ચ અધિકારીઓએ મંદિર પરિસરની મુલાકત લઈને જરૂરી સુચનાઓ આપી

નાગનાથ ટ્રસ્ટમાં નવા ટ્રસ્ટીઓની નિમણૂંક સહિતનાં પ્રશ્નોનું નિરાકરણ મુખ્યમંત્રી લાવે તેવી શિવભક્તોની ઈચ્છા

નાગનાથ દેવસ્થાન ટ્રસ્ટમાં વર્તમાન સમયમાં માત્ર એક જ ટ્રસ્ટી છે અને તેઓ બહાર સ્થળાંતર થયા છે


ફાઈલ તસ્વીર

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં સુપ્રસિધ્ધ થયેલ સ્વયંભુ પ્રગટ થયેલ નાગનાથ મહાદેવ મંદિરમાં આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દર્શનાર્થે જવાનાં હોય આજે કલેકટર સહિતનાં ઉચ્ચ અધિકારીઓએ મંદિર પરિસરની મુલાકાત લીધી હતી.

અમરેલીમાં આજથી ૨૦૦ વર્ષ પહેલા સ્વયંભુ પ્રગટ થયેલ નાગનાથ મહાદેવ મંદિરનું સંચાલન ટ્રસ્ટ ધ્વારા કરવામાં આવે છે અને ટ્રસ્ટીઓનો ફેરફાર કરવો કે નહી તે રાજય સરકાર નકકી કરતી હોય છે. કારણ કે નાગનાથ ટ્રસ્ટની સ્થાપના આઝાદી બાદ કરવામાં આવેલ.

એકસમયે નાગનાથ ટ્રસ્ટમાં ૮થી ૧૦ જેટલા ટ્રસ્ટીઓ કાર્યરત હતા. જેમાંથી એક ટ્રસ્ટી જ હયાત છે તો અન્ય ટ્રસ્ટીઓનું દેહાંત થયેલ છે. હાલ માત્ર એક જ ટ્રસ્ટી છે અને તેઓ અન્ય શહેરમાં સ્થળાંતર કરી ગયા હોય મંદિરનો વહીવટી એક સમિતિ ધ્વારા કરવામાં આવી રહ્યો છે.

નવા અને પુરતા પ્રમાણમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## સિહોર પંથકની યુવતીએ નોંધાવી ફરિયાદ

# લાઠીમાં પ્રેમીને ઘરે પહોંચી ગયેલ યુવતી સાથે પ્રેમીનાં ભાઈએ અડપલા કર્યા

### યુવતીને જ્ઞાતિ પ્રત્યે હડધૂત કરતા ફરિયાદ

અમરેલી, તા. ૧૯

શિહોર તાલુકાના વાવ ગામે રહેતી કીંજલબેન મહેશભાઈ હાંહડ નામની ૧૯ વર્ષિય યુવતીને લાઠી ગામે રહેતા આરોપી નિકુલભાઈ દિનેશભાઈ મકવાણાના નાના ભાઈ હાર્દીક સાથે પ્રેમ સંબંધ હોય. જેથી યુવતીના ઘરે ખબર પડી જતા યુવતીને ઠપકો આપતા તેણી ઘરેથી કહ્યા વગર લાઠી આવી ગયેલ હોય અને ગત તા. ૧૩ના રાત્રીના આશરે ૧૨:૩૦ થી રાત્રીના આશરે ૩:૩૦ વાગ્યા દરમ્યાન હાર્દીકના ભુરખીયા રોડ ઉપર આવેલ બીજા મકાને હોય. તે દરમ્યાન હાર્દીકના મોટા ભાઈ નિકુલભાઈ મકાને આવીને હાર્દીકને જેમ ફાવે તેમ ગાળો આપી હાર્દીકને લાફો મારી કહેલ કે તું આ છોકરીને શા માટે લાવેલ છો? હું તેને તેના ઘરે મુકી આવું છું. તેમ કહી હાર્દીકને ત્યાંથી તેના બીજા મકાને મોકલી દઈ બાદમાં યુવતી સાથે અડપલા કરી છેડતી કરેલ હોય અને યુવતીએ તેમ કરવાની ના પાડતા યુવતીને આરોપી નિકુલે લાફો મારી જ્ઞાતિ વિશે જેમ ફાવે તેમ બોલી જ્ઞાતી પ્રત્યે હડધુત કરી હતી. બાદમાં આ નિકુલ તથા તેના કાકાના દિકરાને યુવતીને તેણીના ઘરે મુકવાનું કહી મોટર સાયકલમાં બેસાડી રસ્તામા પણ અવાર–નવાર જેમ ફાવે તેમ બોલી જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

## વન વિભાગ સિંહોની ભૂખ-તરસ છુપાવવામાં નિષ્ફળ

# બગસરાનાં નવા વાઘણીયા ગામે ધોળા દિ'એ સિંહોનું આગમન : પાંચ ગાયોનું કર્યુ મારણ

### પશુપાલક મહામુસીબતે જીવ બચાવવા સફળ રહ્યા


તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

આજકાલ સિંહો દ્વારા વન્ય વિભાગ છોડીને રહેણાંક વિસ્તારમાં પ્રવેશતા અનેક અબોલ પશુઓ પર હુમલો કરવામાં આવે છે. ત્યારે ગઈકાલના રોજ રફાળા ગામે સિંહ દ્વારા એક ગાયનું મારણ કરવામાં આવ્યું હતું. ત્યારે આજરોજ બપોરના સમય દરમિયાન નવા વાઘણીયા ગામમાં સિંહો દ્વારા ગૌચરમાં ચરતી ગાયો ઉપર હુમલો કરવામાં આવ્યો હતો. ત્યારે આ ગૌચરની જમીનમાં રાજેશભાઈ ભરવાડની ૨ ગાય અને ૩ વાછરડી ઉપર ૨ સિંહો અને ૩ બચ્ચા દ્વારા ભરવાડની હાજરીમાં હુમલો કરવામાં આવ્યો હતો અને ભરવાડ બીકનો માર્યો જીવ બચાવી ત્યાંથી ભાગી

અનુસંધાન પાના ૬ ઉપર

દુઃખદ અવસાન / બેસણું
સ્વ.હંસાબેન રતિલાલ વ્યાસ
(ઉ.વ.૭૮) સ્વ.તા.૧૮-૦૯-૨૦૨૪
સદ્ગતનું બેસણું
તા.૨૦/૦૯/૨૦૨૪, શુક્રવારનાં રોજ સાંજે ૪:૦૦ થી ૬:૩૦ કલાકે, શશાંક મહાજન પાર્ટી પ્લોટ, રેલ્વેસ્ટેશન રોડ અમરેલી મુકામે રાખેલ છે
અમારા માતૃશ્રી હંસાબેન રતિલાલ વ્યાસ (ઉ.વ.૭૮) તા.૧૮,બુધવારનાં રોજ કૈલાસવાસી થયેલ છે. પરમકૃપાળુ સોમનાથદાદા સદ્ગત આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના...
લી.
કૃષ્ણકાંત રતિલાલ વ્યાસ મો.૯૪૨૭૯ ૮૨૭૦૩
કાશ્મીરાબેન કૃષ્ણકાંત વ્યાસ મો.૮૭૮૦૦ ૧૯૦૦૮
ડો.મૈત્રીક કૃષ્ણકાંત વ્યાસ મો.૯૫૭૪૪ ૭૭૭૦૦
ડો.નૈમિષ કૃષ્ણકાંત વ્યાસ મો.૭૭૭૭૯ ૧૮૯૧૫
તથા સમસ્ત વ્યાસ પરિવારનાં
જયસોમનાથ

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

જોઇએ છે
કોમ્પ્યુટર ઓપરેટર....................૨
CorelDraw, Photoshop, PageMaker7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.............................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
અમરેલી શહેરનાં (સ્થાનિક) વ્યકિતઓએ જ સંપર્ક કરવો
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
65,800/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૯/૦૯/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઇવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## મહિલા સશકિતકરણનાં માહોલમાં મામુલી રકમથી શું થશે ફાયદો

# લ્યો બોલો : આશાવર્કરને નવી પેન્શન યોજનામાં માત્ર હજાર રૂપિયા

**ભારતીય મજદુર સંઘનાં નેતૃત્વમાં આશાવર્કર મહિલાઓએ આવેદનપત્ર પાઠવીને રકમ ૫ હજાર કરવા માંગ કરી**

**કાળઝાળ મોંઘવારીમાં દર મહિને એક હજાર રૂપિયાનું પેન્શન આપવું તે યોગ્ય નથી**

**આંગણવાડી, મધ્યાહન ભોજન સંચાલક અને આશાવર્કરમાં પણ અપુરતા વેતનને લઈને નારાજગી**

**રાજય અને કેન્દ્ર સરકારે તેમનાં બિનજરૂરી ખર્ચ બંધ કરીને મહિલાઓને આર્થિક રીતે સક્ષમ કરવી જરૂરી**





અમરેલી, તા. ૧૯

અમરેલીમાં આજે ''આશાવર્કર'' મહિલાઓએ ભારતીય મજદુર સંઘના નેતૃત્વમાં કલેકટરને આવેદનપત્ર પાઠવીને ''આશાવર્કશ''ને નવી પેન્શન યોજનામાં મળતી એક હજારની રકમ વધારીને પાંચ હજાર કરવાની માંગ કરેલ છે.

આજે સમગ્ર દેશમાં કાળઝાળ મોંઘવારી, બેકાબુ બેરોજગારીનો માહોલ હોય, દેશમાં ૧૦૦ કરોડ નાગરિકો મહામસુીબતે કે સરકારી સહાયથી જીવન પસાર કરી રહ્યા છે. તેવા સમયે સરકાર તરફથી મહિલા સશકિતકરણનાં દાવાઓ થઈ રહ્યા છે. દેશની અર્ધો અર્ધ જનસંખ્યા મહિલાઓની હોય અને જયાં સુધી મહિલાઓ આર્થિક રીતે સધ્ધર ન થાય ત્યાં સુધી દેશનો વિકાસ અસંભવ હોય તેવા સમયે આશાવર્કર મહિલાઓએ વ્યાજબી માંગ કરેલ હોય દેશની તમામ રાજય અને કેન્દ્ર સરકારે બિનજરૂરી ખર્ચ બંધ કરીને સમગ્ર વહીવટમાં થોડી કરકસર કરીને દેશની મહિલાઓ અને યુવાનોને આર્થિક મદદ કરવી જરૂરી બની છે.

### પાલિકાનાં શાસકો સમસ્યા દૂર કરે

## બગસરામાં સ્વામી મંદિર માર્ગ ઉપર ગટરનું ઢાંકણુ તૂટી જતાં પરેશાની

**અવારનવાર રજૂઆત અને પરિણામ શૂન્ય**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરામાં સ્વામી મંદિર રોડ ઉપર મહાકાય ગટરનું ઢાંકણું તૂટી ગયેલું છે. જયારે આ બાબતે અહીં રહેતા લોકો દ્વારા સત્તાધીશોને અને એક વખત રજૂઆત કરવામાં આવી હોવા છતાં સત્તાધીશો દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવેલ નથી. જયારે અહીંના રોડ ઉપર હરિભકતો દ્વારા સ્વામી મંદિરે દર્શનાર્થે અનેક લોકોની અવરજવર રહેતી હોય છે જેના કારણે આ રોડ ઉપર આવેલું મહાકાય ગટરનું ઢાંકણું તૂટેલું હોવાથી કોઈ અઘટિત ઘટના બને તો નવું નથી.

જયારે અહીં રહેતા લોકો દ્વારા સત્તાધીશોને અનેક વખત રજૂઆતો કરી કહેવામાં આવેલું હતું કે વહેલી તકે આ મહાકાય ગટરનું ઢાંકણું બદલાવો. પરંતુ લગભગ ૨૦થી ૨૫ દિવસ વીતી ગયા છતાં સત્તાધીશો અને પાલિકાની મિલીભગતના કારણે હજુ સુધી આ વિસ્તારને મહાકાય ગટરનું ઢાંકણું નખાયેલ ન હોવાથી કોઈ જાનહાની થાય તો તેનો જવાબદાર કોણ આવા સવાલો લોકોમાં ઉઠી રહ્યા છે?

જયારે આ બાબતે પાલિકા પ્રમુખને પૂછતા તેમણે જણાવ્યું કે, હાલમાં અમારી પાસે ઢાંકણા છે નહીં બનાવવા આપેલ છે તો આ બાબતનો મને ખ્યાલ છે. જયારે ઢાંકણા બનીને આવશે એટલે પહેલું કામ ત્યાં ઢાંકણું નાખવાનું થઈ જશે. પરંતુ લોકો દ્વારા કહેવામાં આવે છે કે જયાં સુધી ઢાંકણું નહીં આવે ત્યાં સુધીમાં કોઈ અઘટિત બનાવો બને તો શું તેનો જવાબદાર પાલિકા રહેશે કે પછી પ્રમુખ ? આવા અનેક પ્રકારના સવાલો લોકોમાં ઉઠી રહ્યા છે અને વહેલામાં વહેલી તકે આ ઢાંકણું નાખવામાં આવે તેવી લોકોમાં માંગ ઉઠી છે.

## ભુરખીયા હનુમાનજી મંદિરે નેત્ર નિદાન કેમ્પ યોજાયો



દામનગર, તા. ૧૯

શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરે યોજાયેલ ૭૮માં વિના મુલ્યે નેત્ર નિદાન કેમ્પમા લાભ લેતા ૧૨૬ દર્દીઓ– પૈકી ૩૨ દર્દીઓને મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા. રમાબેન અનિલભાઈ પારેખ પરિવાર – મુંબઈના આર્થિક સહયોગથી યોજવામાં આવતા વિનામુલ્યે ૭૮માં નેત્ર નિદાન કેમ્પમાં લાઠી તાલુકાના શ્રી ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે તા. ૧૮/૯/૨૪ને બુધવારે લાયન્સ કલબ ઓફ અમરેલી ( સીટી ), શ્રી ભુરખીયા હનુમાનજી ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુકત ઉપક્રમે– આયોજનમાં સુદર્શન નેત્રાલયની ટીમે ૧૨૬ દર્દીઓની આંખની તપાસ કરી, જે પૈકીના ૩૨ દર્દીઓને અમરેલી લઈ જઈને મોતિયાના ઓપરેશન કરી આપ્યા હતા. ૧૫ દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્મા આપવામાં આવેલ. દર મહિનાના ત્રીજા બુધવારે શ્રી ભુરખીયા હનુમાનજી મંદિરે યોજવામાં આવતા વિના મુલ્યે નેત્ર નિદાન કેમ્પમાં આજ સુધી સુરક્ષિત રીતે આંખના દર્દીઓએ લાભ મેળવી આર્થિક સહયોગ અને સેવા આપતી સંસ્થાઓને અંતરથી આશીર્વાદ આપી રહ્યા છે.

### બોલેરો કારમાં અચાનક ખામી સર્જાઈ

## ધારીનાં સીપીઆઈની બોલેરો કાર અકસ્માતે પલ્ટી ગઈ

**ગામજનોએ બનતી તમામ મદદ કરી**



તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી

ધારી, તા. ૧૯

ધારી શહેરમાં દબાણ હટાવ ચાલી રહેલ હતું જેમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત માંથી પરત ફરી રહેલ પોલીસની બોલેરોમાં અચાનક ટેકનીકલ ખામી સર્જાતા પીજીવીસીએલના પોલની સાથે અથડાઈ હતી અને બોલેરો પલ્ટી ખાઈ ગયેલી હતી. એકબાજુ ધારી શહેરમાં દબાણ હટાવ કામગીરી ચાલી રહેલ હતું વહીવટી તંત્ર કામગીરીમાં હતું એવાં સમયે સી.પી.આઈ અધિકારી અને પોલીસ જવાનોની એક બોલેરો કાર ખોડિયાર માર્કેટ પાસે થી પસાર થઈ રહેલ હતી અને અચાનક કાર પીજીવીસીએલ ના ટીસી ની સાથે અથડાઈ હતી સદનસીબે કોઈ પણ જાતની જાનહાનિ થયેલ નથી બોલેરો કારમાં સવાર તમામ પોલીસ કર્મચારીઓને સામાન્ય ઈજાઓ પહોંચી હતી થોડીવાર માટે અફરાતફરી મચી જવા પામી હતી દબાણની કામગીરી શરૂ હોવાથી શહેરીજનો પણ મુખ્ય રોડ રસ્તાઓ ઉપર નિહાળી રહેલા હતા એવા સમયે આ ધટના બનેલ હતી લોકો પણ મદદ માટે દોડી આવેલ હતા અને ઈજાગ્રસ્ત પોલીસ અધિકારી અને કર્મચારીને સહી સલામત ગાડી માંથી બહાર કાઢવામાં મદદ કરી રહેલ હતા મોડીરાત્રે આ અકસ્માત સર્જાયો હતો હાલ ક્રેનની મદદથી પોલીસ બોલેરો કારને ખસેડવામાં આવી રહેલી છે.

### ખેતીવાડી ખાતાની વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા

## ખેડૂતોએ તા. ૨૩ થી તા. ૨૯ સપ્ટેમ્બર સુધીમાં આઈ ખેડુત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરવી

**વધુ વિગત તમારે વિસ્તરણ અધિકારીનો સંપર્ક કરવો**

અમરેલી, તા. ૧૯

ખેતીવાડી વિવિધ સહાય યોજનાઓનો લાભ મેળવવા ખેડુતોએ www.ikhedut.gujarat.gov.in પોર્ટલ પર અરજી કરવી. સને ૨૦૨૪ – ૨૦૨૫ માટે અમરેલી જીલ્લાના ખેડુતોને ખેત ઓજાર, એગ્રો સર્વિસ પ્રોવાઈડર, પાક મૂલ્ય વૃધ્ધિ, ફાર્મ મશીનરી બેંક મિલેટ પ્રોસેસિંગ યુનિટ, તાડપત્રી, પાક સંરક્ષણ સાધનો, પાવર સંચાલિત પંપસેટસ, સોલાર પાવર યુનિટ – કિટ, વોટર કેરીંગ પાઈપલાઈન અને રાઈડ ઓન સેલ્ફ પ્રોપેલ્ડ મલ્ટીપર્પઝ ટૂલબાર સનેડો સહિતના સાધનોમાં ખેતીવાડી ખાતાની વિવિધ યોજનાઓની સહાય મેળવવા માટે ખેડૂતોએ સપ્ટેમ્બર – ૨૪ની તા. ૨૩ થી તા. ૨૯ દરમિયાન આ અરજી કરવી. આ અંગેની વધુ વિગતો માટે સંબંધિત તાલુકા – ગામના વિસ્તરણ અધિકારી (ખેતી) અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો, તેમ અમરેલી જીલ્લા ખેતીવાડી અધિકારીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### નેશનલ આર્ટસ રંગોત્સવ સેલિબ્રેશન અંતર્ગત

## અમરેલીની રોકડીયાપરા પ્રાથમિક શાળામાં ઈનામ વિતરણનાં કાર્યક્રમ યોજાયો

**૧૩૯ બાળકો અને એક શિક્ષિકાએ ભાગ લીધો**

અમરેલી, તા. ૧૯

અમરેલીની રોકડીયા હનુમાનપરા પ્રા.શાળામાં નેશનલ આર્ટ રંગોત્સવ સેલીબ્રેશનમાં કુલ ૧૩૯ (એકસો ઓગણચાલીસ) બાળકો અને શાળાના એક શિક્ષણ શિતલબેન દવે એ ભાગ લીધેલ. તેમાં કુલ અલગ – અલગ સ્પર્ધાઓ હતી. તેમાં રંગપૂરણી, થંબપ્રિન્ટ, હેન્ડરાઈટીંગ, અને કાર્ટૂન મેકીંગની સ્પર્ધામાં બાળકોએ હોસે – હોસે ભાગ લઈ. તા. ૧૮/૯/૨૪ના રોજ શાળા કક્ષાએ નગર પ્રા.શિ. સમિતિનાં ચેરમેન માનનીય તુષારભાઈ જોષીના હસ્તે ઈનામ વિતરણ કરવામાં આવ્યું, તેમાં કુલ ૨૪ બાળકોને એચીવમેન્ટ સર્ટીફિકેટ, ગોલ્ડ, સીલ્વર, અને બ્રોન્ઝ મેડલથી નવાજીત કરવામાં આવ્યાં. શાળાનાં આચાર્યને પણ ભેટ આપવામાં આવેલ. અને સમગ્ર કાર્યક્રમનું આયોજન શિતલબેન દવે દ્વારા કરવામાં આવેલ તેમનું પણ કલાવિભૂષણ એવોર્ડ અને ભેટ આપીને / સન્માનિત કરવામાં આવેલ. સમગ્ર શાળાને પણ એક શિલ્ડ આપીને નવાજવામાં આવેલ. તેમાં સમગ્ર શાળા પરિવાર અને આચાર્યનો પૂરેપુરો સહકાર મળેલ તેમ શાળાના આચાર્યની અખબારી યાદીમાં જણાવેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાનાં વરદ્હસ્તે

## બાબરા : ખંભાળા ગામે ૧.૯૫ કરોડનાં ખર્ચે તૈયાર થનાર આરોગ્ય કેન્દ્રનું થયું ભૂમિ પૂજન

**જીલ્લા પંચાયતના સદસ્યો સહિતનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૯, બાબરા તાલુકાના ખંભાળા ગામે આરોગ્ય વિભાગ હેઠળ પી.આઈ.યુ. હસ્તકની અંદાજે રૂ. ૧ કરોડ ૫૦ લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તેમજ રૂ. ૪૫ લાખના ખર્ચે સબ સેન્ટર મંજુર કરવામાં આવતા આ કામોનું ખાતમુહુર્ત લાઠી બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું.

# લીલીયામોટા ખાતે યોગ કલાસના કોચ દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું








ગુજરાત રાજય યોગ બોર્ડ ગાંધીનગરની સૂચનાથી આજરોજ લીલીયા મુકામે ગુજરાત રાજય યોગ બોર્ડ સંચાલિત યોગ કલાસના લીલીયા તાલુકા યોગ કોચ કમળાબેન ભરતભાઈ હેલૈયા તથા યોગ ટ્રેનરો તથા યોગ સાધકો દ્વારા લીલીયા ગામની મેઈન બજારની શેરીઓ તથા ઓફિસો, તળાવની આજુબાજુ વિસ્તારની સફાઈ કામગીરી કરવામાં આવી અને યોગ કલાસના તમામ મેમ્બરો જોડાઈ દેશમાં, ઘરમાં અને આપણે સૌ સાફ સફાઈ કરીએ અને સ્વચ્છતા જાળવીએ તેવા શુભહેતુથી સફાઈ અભિયાન લીલીયા તાલુકા યોગ કોચ કમળાબેન, ભરતભાઈ હેલૈયા દ્વારા કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ભારતને ફાઈવ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા તરફ કદમ

# દિલ્હી ખાતે ‘‘ઈફકો’’નાં યજમાનપદે ૨૫ થી ૩૦ નવેમ્બરે વૈશ્વિક સહકાર સંમેલન યોજાશે

**૧૩૦ વર્ષનાં ઈતિહાસમાં સૌપ્રથમવાર ભારત દેશ યજમાનપદ શોભાવશે**

**૧૦૦ દેશોનાં પ્રતિનિધિઓ સહિત અંદાજિત ૧૫૦૦ મહેમાનો ઉપસ્થિત રહેશે**

**વિશિષ્ટ ટપાલ ટિકિટની પ્રસિધ્ધિ, એક હજાર વૃક્ષોનું વાવેતર કરાશે**

**દેશનાં યુવાનોને સહકાર જગત સાથે જોડીને પ્રેરણારૂપ કામગીરી કરાશે**



અમરેલી, તા. ૧૯

દેશનાં ૧૩૦ વર્ષનાં ઈતિહાસમાં પ્રથમવાર દિલ્હી ખાતે વૈશ્વિક સહકાર સંમેલ યોજાઈ રહેલ છે. જેમાં ભૂતાનના વડાપ્રધાન, ફીજીના નાયબ વડાપ્રધાન, સંયુકત રાષ્ટ્ર આર્થિક પરિષદનાં અધ્યક્ષ સહિત અંદાજીક ૧૫૦૦ મહેમાનો ઉપસ્થિત રહેશે. જેનું યજમાન ઈફકો–ભારત છે. સહકાર ધ્વારા સમૃધ્ધિનાં વિશ્વમંત્રનાં મંચ પરથી ભારતીય સહકારીતાને મજબૂત અને પ્રતિષ્ઠાવાન બનાવી છે. જેમાં ભારતના જનપ્રિય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં સહકાર ધ્વારા સમૃધ્ધિના સ્વપ્નને પ્રથમ કેન્દ્રીય સહકારમંત્રી અમિતભાઈ શાહનાં નેતૃત્વમાં વૈશ્વિક ઓળખ મળી છે. ન્યુ દિલ્હી ખાતે તા. ૨૫ થી ૩૦ નવેમ્બર–૨૦૨૪ વૈશ્વિક સહકાર સંમેલન ભારતની અર્થ વ્યવસ્થાને ૫ ટ્રિલિયન ડોલર તરફ લઈ જવાનું પણ એક કદમ બની રહેશે.

આ તકે વિશિષ્ટ ટપાલ ટિકિટ પ્રસિધ્ધ થશે. સંમેલન સંપૂર્ણ પ્રકૃતિ આધિન બની રહે તે માટે ૧૦,૦૦૦થી પણ વધુ પીપળાનાં વૃક્ષોનું વાવેતર પણ કરવામાં આવશે. આ સહકાર સંમેલન મુખ્ય ચાર પાયા પર કામ કરશે જેમાં નીતિ અને ઉદ્યોગ સાહસીકતા, ઈકો સીસ્ટમ પૂર્ણ નિર્માણ, સહકારી ઓળખ, નેતૃત્વ નિર્માણ અને ૨૧મી સદી સૌની સમૃધ્ધિ મુખ્ય રહેશે. આ કાર્યક્રમમાં વૈશ્વિક પરિષદનો ઉદેશ સહકારી સંસ્થાઓને લોકો કેન્દ્રીત હેતુ સંચાલિત સંસ્થા તરીકે પ્રોત્સાહિત કરવાનો અને સહકારને પ્રેરણા આપવાનો છે. યુવાનોને સહકારી મંડળી તરફ આકર્ષિત કરવા અને તેમની યુવા શકિતને સહકારના માધ્યમમાં સમર્પીત કરવા તરફ ભાર મુકાશે. સહકારી ક્ષેત્રમાં વધુમાં વધુ મહિલાઓને પ્રોત્સાહન આપવામાં આવશે. રાષ્ટ્રિય–આંતરરાષ્ટ્રિય સહકારી માળખુ અનેક વિકાસશીલ યોજનાઓ સાથે કામ કરી રહેલ છે. જેમાં સહકારી તાલીમ, યોજનાનું અમલીકરણ, જનજાગૃતિ સેમીનાર વિગેરેને વૈશ્વિકસ્તરે મુકવા અને તેની આપૂર્તિ માટે વર્તમાન અને ભાવી આયોજનો અનેક દેશોના રાષ્ટ્રિય સ્તરે યોજાય છે. ભારતના યજમાન પદે આઈસીએ ગ્લોબલ કોન્ફરન્સ દેશના પાટનગર દિલ્હી ખાતે આગામી ૨૫ નવેમ્બરનાં રોજ યોજાશે તેમ અખબારી યાદીમાં જણાવાયેલ છે.

### એક બેઠક બિનહરીફ જાહેર થયેલ છે

## બાબરા : નાગરીક બેન્કની ૧૨ બેઠક માટે ૨૭ ઉમેદવારો ચુંટણી જંગમાં

**આગામી ૨૯ સપ્ટેમ્બરનાં રોજ મતદાન યોજાશે**

બાબરા, તા. ૧૯

બાબરામાંનાગરિકબેન્કની ડિરેક્ટર ની સામાન્ય ચૂંટણી આગામી ૨૯/૯/૨૪ ના યોજાવવાની હોવાથી તડામાર તૈયારી શરૂ કરવામાં આવી રહી શહેર ના સ્થાનિક ભાજપના અગ્રણીઓ વેપારીઓ તેમજ સામાજિક અને સહકારી અગ્રણીઓ બે પેનલ બનાવી ચૂંટણી લડી રહ્યા હોવાથી શહેર નું સ્થાનિક રાજકારણ પણ ગરમાય રહ્યું છે.

નાગરિક બેન્ક ની સામાન્ય ચુંટણી માં ગત તા ૧૭ ના રોજ સામન્ય બેઠકના એક ઉમેદવાર નાયબ મામલતદાર પી એલ માઢ નું રદ કરવામાં આવ્યું હતું જેની સામે વાંધા અરજી રજૂ કરવામાં આવતા આજે ચૂંટણી અધિકારી એ ફોર્મ માન્ય રાખવામાં આવ્યું છે તા ૧૯/૯ ના રોજ ફોર્મ પરત ખેંચવા માં કુલ ૨૬ ફોમ માંથી બે ફોર્મ પરત ખેંચાય જતા કુલ ૨૪ ફોર્મ રહ્યા અને એક ફોર્મ રદ થયું હતું તે માન્ય રહેતા જનરલ ૧૧ બેઠકમાં ૨૫ ફોર્મ માન્ય રહ્યા છે અને અનુસૂચિત બેઠક માટે બે ફોર્મ મળી કુલ ૧૨ બેઠક માટે ૨૭ ઉમેદવાર મેદાને હોવાનું નાગરિક બેન્ક ના ચૂંટણી અધિકારી દ્વારા જણાવ્યું હતું.

આગામી ૨૯/૯/૨૪ ના રોજ નાગરિક બેન્ક ની કુલ ૧૩ બેઠક જેમાં એક સીમાંત ખેડૂત બેઠક બિનહરીફ થઈ છે જયારે ૧૧ જનરલ બેઠક તેમજ એક અનુસૂચિત બેઠક મળી કુલ ૧૨ બેઠક માટે ચૂંટણી યોજાશે જેનું મતદાન સવારે આઠ કલાકથી સાંજ ૪ વાગ્યા સુધી યોજાશે અને તેજ દિવસે મોડી રાત્રે પરિણામ જાહેર કરવામાં આવશે તેમ ચૂંટણી અધિકારી દ્વારા અંતમાં જણાવ્યું હતું

### મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં વરદ્‌હસ્તે

## સાવરકુંડલા અને લીલીયામાં ૯૫ કરોડનાં વિવિધ કાર્યોનું ખાતમુર્હુત અને લોકાર્પણ

**જનતાનાં પરસેવાનાં પૈસાથી થશે વિકાસ કાર્યો**



અમરેલી, તા. ૧૯

ધારાસભ્ય મહેશ કસવાલાના અથાગ પ્રયત્નોથી સાવરકુંડલા લીલીયા વિધાનસભા માટે માતબર ગ્રાન્ટો લાવ્યા જે વિધાનસભાની જનતા ભલીભાતી જાણી રહી છે ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાવરકુંડા ખાતે વિકાસના કામોના ખાતમુહર્તો અને લોકાપર્ણ કરશે અને સાવરકુંડલા લીલીયાની જનતાને પ્રગતિના પંથ પર લઈ જવા કટિબધ્ધ બનશે જેમાં, સવારના ૧૦ : ૦૦ કલાક સાવરકુંડલા મહુવા રોડ ખાતે આવેલ ક્રિષ્ના ઈન્ડસ્ટ્રીઝ પાસે રાજયના શહેરી વિકાસ દ્વારા ૫૪ કરોડના ખર્ચે સાવરકુંડલા ગીરધરવાવ વચ્ચે રેલ્વે ઓવર બ્રિજનું ખાતમુહુર્ત થશે. ત્યારબાદ ઉર્જા વિભાગ દ્વારા વિજળી ડિસ્ટ્રીબયુશનને વધારે મજબુત બનાવવા અને ખેડુતોને પુરતા વોલ્ટેજ સાથે વિજપુરવઠો મળી રહે તે માટે સાવરકુંડલાના આદસંગ, ભોંકરવા અને ગોરકડા ખાતે ૩૦ કરોડના ખર્ચે નવા ત્રણ ૬૬ કે.વી. સબ સ્ટેશનનું ઈ–લોકાર્પણ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ દ્વારા કરવામાં આવશે અને સાવરકુંડલાના પોલીસ જવાનો માટે ૧૦.૨૯ કરોડના ખર્ચે ૫૬ આવાસોનું લોકાર્પણ તથા લીલીયા ગ્રામ પંચાયતને રૂા. ૪૩ લાખનાં ખર્ચે સ્વચ્છતા માટે જેટીંગ મશીનનું પણ ઈ – લોકાપર્ણ કરવામાં આવશે તેમ ‘‘અટલધારા’’ કાર્યાલયના ઈન્ચાર્જ જે.પી. હિરપરાની અખબારી યાદીમાં જણાવેલ હતું.

### ૨૧ સપ્ટેમ્બરે યોજાનાર

## અમરેલી જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ બેઠકના સમયમાં ફેરફાર

અમરેલી, તા. ૧૯

અમરેલી જીલ્લા કલેકટરના અધ્યક્ષ સ્થાને અને જનપ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં તા. ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૪ ને શનિવારના રોજ જીલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાશે. જીલ્લા સેવા સદન (કલેકટર કચેરી) ખાતે યોજનાર આ બેઠકના સમયમાં ફેરફાર થયો છે, સવારે ૧૧ વાગ્ય યોજાવાની હતી તે બેઠક સાંજે ૪ વાગ્યે યોજાશે. આથી, સંબંધિત સર્વેએ અધિકારીઓ પદાધિકારીઓ કર્મચારીઓને બેઠકના સમય ફેરફાર અંગે નોંધ લેવા અમરેલી જીલ્લા નિવાસી અધિક કલેકટરએ એક યાદીમાં જણાવ્યું છે.





**બાબરામાં મકાન વેચવાનું છે**

બાબરામાં અતિ મોકાનું મકાન વેચવાનું છે ૮૦ વાર જગ્યામાં (ડુપ્લેકસ મકાન) ઉપર બે રૂમ, રસોડું, ટોયલેટ, સ્ટોરરૂમ નીચે એક રૂમ, રસોડુ મોટું, સ્ટોર રૂમ તથા ટોયલેટ

રામજી મંદિર પાછળ, નવી વ્હોરા મસ્જિદ વાળી શેરીમાં – બાબરા

સંપર્ક : ૯૯૦૯૫ ૮૨૯૦૦















### વડાપ્રધાન પીએમ વિશ્વકર્મા કાર્યક્રમમાં ભાગ લેશે

# PM મોદી આજે મહારાષ્ટ્રની મુલાકાતે, મહિલાઓ અને યુવાનોને આપશે મોટી ભેટ

## પીએમ મોદી આચાર્ય ચાણક્ય કૌશલ વિકાસ યોજના અને પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકર મહિલા સ્ટાર્ટ-અપ યોજના પણ લોન્ચ કરશે

મહારાષ્ટ્ર, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, આવતીકાલ ૨૦મી સપ્ટેમ્બરે મહારાષ્ટ્રના પ્રવાસે છે. જ્યાં તેઓ ‘પીએમ વિશ્વકર્મા’ કાર્યક્રમમાં ભાગ લેશે, જેમાં વડાપ્રધાન વિશ્વકર્મા યોજના હેઠળ પ્રગતિના એક વર્ષ પૂર્ણ થયાની ઉજવણી કરવામાં આવશે. પીએમ મોદી અનેક વિકાસ અને સ્ટાર્ટ-અપ યોજનાઓ પણ લોન્ચ કરશે. તેઓ મહારાષ્ટ્રના અમરાવતીમાં મિત્ર પાર્કનો શિલાન્યાસ પણ કરશે.

વડાપ્રધાન મોદી શુક્રવારે સવારે સાડા અગિયાર વાગ્યે મહારાષ્ટ્રના વર્ધા પહોંચશે. જ્યાં તેઓ પીએમ વિશ્વકર્મા યોજનાના લાભાર્થીઓને પ્રમાણપત્ર અને લોન આપશે. તેઓ એક વર્ષ પૂર્ણ થયાની સ્મૃતિમાં એક સ્મારક ટપાલ ટિકિટ પણ બહાર પાડશે. તેમની મુલાકાત દરમિયાન પીએમ મોદી આચાર્ય ચાણક્ય કૌશલ વિકાસ યોજના અને પુણ્યશ્લોક અહિલ્યાબાઈ હોલકર મહિલા સ્ટાર્ટ-અપ યોજના પણ લોન્ચ કરશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્ર સરકારની આચાર્ય ચાણક્ય કૌશલ્ય વિકાસ કેન્દ્ર યોજનાનો પ્રારંભ કરશે. આના દ્વારા ૧૫ થી ૪૫ વર્ષની વયના યુવાનોને તાલીમ આપવામાં આવશે, જેથી તેઓ આત્મનિર્ભર બની શકે અને રોજગારીની વિવિધ તકો મેળવી શકે. રાજ્યના લગભગ ૧,૫૦,૦૦૦ યુવાનોને દર વર્ષે મફત કૌશલ્ય વિકાસની તાલીમ આપવામાં આવશે. પીએમ મોદી પુણ્યશ્લોક અહિલ્યા દેવી હોલકર મહિલા સ્ટાર્ટઅપ યોજના પણ લોન્ચ કરશે.
આ યોજના હેઠળ, મહારાષ્ટ્રમાં મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સને પ્રારંભિક તબક્કામાં મદદ કરવામાં આવશે. આ યોજના હેઠળ ૨૫ લાખ રૂપિયા સુધીની આર્થિક સહાય આપવામાં આવશે. આ યોજના હેઠળ, કુલ જોગવાઈઓના ૨૫ ટકા પછાત વર્ગો અને આર્થિક રીતે નબળા વર્ગની મહિલાઓ માટે અનામત રાખવામાં આવશે. આનાથી મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સને આત્મનિર્ભર અને સ્વતંત્ર બનવામાં મદદ મળશે.

તે જ સમયે, તેમની મુલાકાત દરમિયાન, વડા પ્રધાન મહારાષ્ટ્રના અમરાવતીમાં પીએમ મેગા ઈન્ટિગ્રેટેડ ટેક્સટાઈલ રિજન અને એપેરલ (પીએમ મિત્ર) પાર્કનો શિલાન્યાસ કરશે. મહારાષ્ટ્ર ઈન્ડસ્ટ્રીયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (MIDC) લગભગ ૧૦૦૦ એકરમાં ફેલાયેલા આ પાર્કને વિકસાવી રહ્યું છે. ભારત સરકારે કાપડ ઉદ્યોગ માટે ૭ પીએમ મિત્ર પાર્ક સ્થાપવાની મંજૂરી આપી હતી. પીએમ મિત્ર પાર્ક ભારતને કાપડ ઉત્પાદન અને નિકાસ માટે વૈશ્વિક હબ બનાવવાની દિશામાં એક મોટું પગલું છે. આનાથી વિશ્વ સ્તરીય ઔદ્યોગિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં મદદ મળશે, જે ફોરેન ડાયરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ (FDI) સહિત મોટા પાયે રોકાણ આકર્ષશે. ઉપરાંત, તે આ ક્ષેત્રમાં નવીનતા અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપશે.

### બાંગ્લાદેશના બોલરોને ધોળા દિવસે તારા દેખાડ્યા

# રવિચંદ્રન અશ્વિને ટેસ્ટ સદી ફટકારી રચ્યો ઈતિહાસ

## રવિન્દ્ર જાડેજા સાથે ૧૫૧થી વધુ રનની ભાગીદારી કરી

ચેન્નાઈ, તા.૧૯

રવિચંદ્રન અશ્વિને ભારત માટે જોરદાર પ્રદર્શન કર્યું અને બાંગ્લાદેશ સામે ચેન્નાઈ ટેસ્ટમાં સદી ફટકારી. અશ્વિને શાનદાર ઈનિંગ રમી છે. તેણે રવિન્દ્ર જાડેજા સાથે ૧૮૦થી વધુ રનની ભાગીદારી પણ પૂરી કરી છે. ટીમ ઈન્ડિયાની શરૂઆત ખરાબ રહી હતી. પરંતુ આ પછી જાડેજા અને અશ્વિને બેટિંગ સંભાળી અને ટીમ ઈન્ડિયાનો સ્કોર પ્રથમ દાવમાં ૩૦૦ રનને પાર કરી ગયો. અશ્વિનની ટેસ્ટ કરિયરની આ છઠ્ઠી સદી છે.

બાંગ્લાદેશે ભારત સામે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. આ દરમિયાન અશ્વિન ભારત તરફથી આઠમા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. જ્યારે જાડેજા સાતમા નંબરે બેટિંગ કરવા આવ્યો હતો. જોરદાર બેટિંગ કરતા અશ્વિને તેની ટેસ્ટ કારકિર્દીની છઠ્ઠી સદી ફટકારી હતી. મહત્વની વાત એ છે કે તેના પિતા પણ આ મેચ જોવા ચેપોક સ્ટેડિયમ પહોંચ્યા છે. અશ્વિને ૧૦૮ બોલનો સામનો કરીને પોતાની સદી પૂરી કરી હતી. તેણે ૧૦ ફોર અને ૨ સિક્સર ફટકારી હતી. અશ્વિનની કારકિર્દીની આ છઠ્ઠી ટેસ્ટ સદી છે.

અશ્વિને વેટ્ટોરીની બરાબરી કરી લીધી છે. ટેસ્ટમાં ૮મા નંબરે બેટિંગ કરીને તે સૌથી વધુ સદી ફટકારવાના મામલે સંયુક્ત રીતે પ્રથમ સ્થાને પહોંચી ગયો છે. અશ્વિન અને વેટ્ટોરીએ આઠમા નંબરે બેટિંગ કરતા ૪-૪ સદી ફટકારી છે. પૂર્વ પાકિસ્તાની ક્રિકેટર કામરાન અકમલ બીજા સ્થાને છે. તેણે ત્રણ સદી ફટકારી છે.

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ચેન્નાઈમાં રમાઈ રહેલી ટેસ્ટનો પ્રથમ દિવસ સમાપ્ત થઈ ગયો છે. ભારતે પ્રથમ દાવમાં ૬ વિકેટ ગુમાવીને ૩૩૯ રન બનાવ્યા હતા. અશ્વિન ૧૦૨ રન બનાવીને અણનમ રહ્યો હતો. જ્યારે જાડેજા ૮૬ રન બનાવીને અણનમ રહ્યો હતો. ૧૧૭ બોલનો સામનો કરીને તેણે ૧૦ ફોર અને ૨ સિક્સર ફટકારી હતી. અશ્વિને ૧૦ ચોગ્ગા અને ૨ છગ્ગા પણ ફટકાર્યા હતા. આ ઉપરાંત યશસ્વી જયસ્વાલે પણ અડધી સદી ફટકારી હતી. આ રીતે પ્રથમ દિવસ ભારતના નામે રહ્યો હતો.
ટીમ ઈન્ડિયા ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા મેદાનમાં આવી હતી. આ દરમિયાન ૯૬ રનના સ્કોર પર ૪ વિકેટ પડી ગઈ હતી. આ સાથે જ ૧૪૪ રનના સ્કોર પર ૬ વિકેટ ગુમાવી દીધી હતી. પરંતુ આ પછી જાડેજા અને અશ્વિને ચાર્જ સંભાળ્યો હતો. આ બંને વચ્ચે ૧૯૫ રનની ભાગીદારી થઈ હતી. અશ્વિન અને જાડેજા પ્રથમ દિવસની રમતના અંત સુધી અણનમ રહ્યા હતા. યશસ્વી જયસ્વાલે પણ અડધી સદી ફટકારી હતી.

### પ્રવાસમાં ટૂંકા સમયમાં અનેક બેઠકો યોજશે PM

# મોદી ૨૧ સપ્ટેમ્બરથી ત્રણ દિવસીય અમેરિકાના પ્રવાસે

## ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અમેરિકાના રાષ્ટ્રપતિ બિડેનને મળશે અને ક્વાડ સમિટમાં ભાગ લેશે

નવી દિલ્હી,તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૧ સપ્ટેમ્બરથી ત્રણ દિવસીય અમેરિકાના પ્રવાસે જશે. તેમની ત્રણ દિવસની મુલાકાતને ઘણી મહત્વની માનવામાં આવી રહી છે. આ દરમિયાન પીએમ મોદી અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનને મળશે અને ક્વાડ સમિટમાં ભાગ લેશે. પ્રવાસના છેલ્લા દિવસે ભારતીય સમુદાયને સંબોધિત કરશે અને સંયુક્ત રાષ્ટ્ર સમિટમાં પણ ભાગ લેશે. પરંતુ સૌથી રસપ્રદ વાત એ છે કે પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના યુએસ પ્રવાસ દરમિયાન પીએમ મોદીને મળવાની ઈચ્છા વ્યક્ત કરી છે. હવે વિદેશ મંત્રાલયે આ અંગે નિવેદન જાહેર કર્યું છે. અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મિશિગનમાં એક ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું હતું કે નરેન્દ્ર મોદી એક અદ્ભુત વ્યક્તિ છે. તેઓ આવતા અઠવાડિયે અમેરિકા જવાના છે. આ સમય દરમિયાન હું તેને મળીશ. હવે પીએમ મોદીની ટ્રમ્પ સાથેની સંભવિત મુલાકાતને લઈને ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું કે વડાપ્રધાન મોદીએ તેમના અમેરિકન પ્રવાસ દરમિયાન ઘણી બેઠકોમાં ભાગ લેવો પડશે. અમે તેમના મર્યાદિત સમયમાં આ બેઠક ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. હાલમાં આ બેઠક અંગે કોઈ પુષ્ટિ આપી શકાય તેમ નથી.

ઉલ્લેખનીય છે કે પીએમ મોદી ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર સુધી અમેરિકાના પ્રવાસ પર છે. આ સમય દરમિયાન, ક્વાડ લીડર્સ સમિટ સિવાય, તે ઘણી મોટી ઈવેન્ટ્સમાં ભાગ લેશે. પીએમ મોદીનો યુએસ પ્રવાસ ૨૧ સપ્ટેમ્બરથી શરૂ થશે. તેઓ ૨૧ સપ્ટેમ્બરે વિલ્મિંગ્ટન, ડેલવેરમાં ચોથા ક્વાડ લીડર્સ સમિટમાં ભાગ લેશે. આ પછી, ૨૨ સપ્ટેમ્બરે, તેઓ ન્યુ જર્સીમાં ભારતીય સમુદાય સાથે સંબંધિત એક કાર્યક્રમમાં ભાગ લેશે. પીએમ મોદી તેમના પ્રવાસના અંતિમ દિવસે ૨૩ સપ્ટેમ્બરે સંયુક્ત રાષ્ટ્રની ‘સમિટ ઓફ ધ ફ્યુચર’માં પણ ભાગ લેશે. ક્વાડ સંસ્થાની બેઠક ૨૧ સપ્ટેમ્બરે અમેરિકી રાષ્ટ્રપતિ બિડેનના હોમટાઉન ડેલાવેરમાં યોજાશે. જાન્યુઆરી ૨૦૨૪માં ભારતમાં પ્રથમ ક્વાડ મીટિંગ યોજાવાની હતી. પરંતુ કેટલાક કારણોસર આ સમિટ સપ્ટેમ્બર સુધી સ્થગિત કરવામાં આવી હતી. ભારત ૨૦૨૫માં ક્વાડ સંસ્થાની યજમાની કરશે. ક્વાડ સમિટની બાજુમાં પીએમ મોદી અને રાષ્ટ્રપતિ બિડેન વચ્ચે દ્વિપક્ષીય બેઠક થશે. આ સિવાય પીએમ મોદી જાપાન અને ઓસ્ટ્રેલિયા સાથે પણ દ્વિપક્ષીય બેઠક કરશે. આ સિવાય પીએમ મોદી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સેમિકન્ડક્ટર અને બાયોટેકનોલોજી પર ઘણી મોટી કંપનીઓના સીઈઓ સાથે મુલાકાત કરશે.

ક્વાડ સમિટ એ ચાર દેશોનું સંગઠન છે, જેમાં ભારત સિવાય અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાનનો સમાવેશ થાય છે. તેની રચના ૨૦૦૭માં થઈ હતી. પરંતુ તે ૨૦૧૭ માં ફરીથી સક્રિય કરવામાં આવ્યું હતું. આ સંગઠનનો ઉદ્દેશ્ય ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં ચીનના વધતા વર્ચસ્વને રોકવાનો છે. રિપોર્ટ અનુસાર, ન્યૂજર્સીમાં ૨૨ સપ્ટેમ્બરે પીએમ મોદીના મેગા ઈવેન્ટમાં ભારતીય સમુદાયના ૨૪,૦૦૦થી વધુ લોકો હાજરી આપશે. આ ઈવેન્ટનું નામ ‘મોદી અને યુએસ પ્રોગ્રેસ ટુગેધર’ હશે. અમેરિકાના ૫૦માંથી ૪૨ રાજ્યોમાંથી ભારતીય મૂળના નાગરિકો આ ઈવેન્ટમાં ભાગ લઈ શકશે. આવી જ તર્જ પર, ૨૦૧૯ માં, પીએમ મોદીએ ટેક્સાસમાં ‘હાઉડી મોદી’ મેગા ઈવેન્ટને સંબોધિત કરી હતી, જ્યાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પે પણ ભાગ લીધો હતો.

### અગ્નિવીરને કાયમી નોકરી, ઉદ્યોગકારોને ૨૫ લાખ સુધીની લોન

# હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈ ભાજપે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો

## મહિલાઓને ૨૧૦૦ રૂપિયા પ્રતિ માસ આપવા સહિતના અનેક વચનો ચૂંટણી ઢંડારામાં સામેલ કરવામાં આવ્યા

હરિયાણા,તા.૧૯

હરિયાણા વિધાનસભા ચૂંટણીને લઈને ભાજપે પોતાનો ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યો છે. પાર્ટીએ તેનું નામ સંકલ્પ પાત્ર રાખ્યું છે. ઠરાવ પત્રમાં ભાજપે હરિયાણાની જનતાને ૨૦ વચનો આપ્યા છે. જેમાં દરેક અગ્નિવીરને કાયમી નોકરી, મહિલાઓને ૨૧૦૦ રૂપિયા પ્રતિ માસ આપવા સહિતના અનેક વચનો સામેલ છે. રોહતકમાં મેનિફેસ્ટો બહાર પાડતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા. આ દરમિયાન રાજ્યના સીએમ નાયબ સિંહ સૈનીએ કહ્યું કે આ મેનિફેસ્ટો ચૂંટણી માટે નથી. ઠરાવ પત્ર બહાર પાડતી વખતે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાને એક છેતરપિંડી ગણાવ્યો હતો.

દરમિયાન ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ કહ્યું કે અમે હરિયાણાને નોન-સ્ટોપ સેવા આપી રહ્યા છીએ અને તમારે તેને નોન-સ્ટોપ કરવામાં મોટી જવાબદારી નિભાવવાની છે. અમે જે કહ્યું તે અમે કર્યું છે, અમે જે કહ્યું નથી તે પણ કર્યું છે અને અમે જે કહીશું તે પણ કરીશું. નડ્ડાએ કહ્યું કે અમે નક્કી કર્યું છે કે ‘લાડો લક્ષ્મી યોજના’ હેઠળ તમામ મહિલાઓને દર મહિને ?૨,૧૦૦ની આર્થિક સહાય આપવામાં આવશે. IMT ખારઘોડાની તર્જ પર ૧૦ ઔદ્યોગિક શહેરો બનાવવામાં આવશે અને આસપાસના ગામડાના ૫૦ હજારથી વધુ યુવાનોને રોજગારી પૂરી પાડવામાં આવશે. તેવી જ રીતે, ચિરાયુ આયુષ્માન હેઠળ પ્રતિ વર્ષ ૫ લાખ રૂપિયાની રકમ વધારીને ૧૦ લાખ રૂપિયા કરવામાં આવશે

ભાજપે ઠરાવ પત્રમાં આ ૨૦ વચનો આપ્યા

૧. લાડો લક્ષ્મી યોજના હેઠળ મહિલાઓને દર મહિને ૨૧૦૦ રૂપિયા આપવામાં આવશે.

૨. IMT ખારઘોડાની તર્જ પર ૧૦ ઔદ્યોગિક શહેરો બનાવવામાં આવશે. દરેક શહેરમાં ૫૦ હજાર સ્થાનિક યુવાનોને નોકરી આપવા માટે ઉદ્યોગ સાહસિકોને વિશેષ પ્રોત્સાહન આપવામાં આવશે.

૩. ચિરાયુ-આયુષ્માન યોજના હેઠળ, દરેક પરિવારને ૧૦ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે અને ૭૦ વર્ષથી વધુ ઉંમરના પરિવારના દરેક વડીલને ૫ લાખ રૂપિયા સુધીની મફત સારવાર મળશે.

૪. લઘુત્તમ ટેકાના ભાવ (MSP) પર ૨૪ પાકની ખરીદી.

૫. બે લાખ યુવાનોને ‘કોઈપણ કાપલી અને કોઈપણ ખર્ચ વિના સરકારી નોકરીની ખાતરી.

૬. પાંચ લાખ યુવાનો માટે રોજગારની અન્ય તકો અને રાષ્ટ્રીય એપ્રેન્ટિસશિપ પ્રમોશન સ્કીમમાંથી માસિક સ્ટાઈપેન્ડ.

૭. શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ૫ લાખ મકાનો.

૮. સરકારી હોસ્પિટલોમાં ડાયાલિસિસ અને તમામ હોસ્પિટલોમાં મફત નિદાન.

૯. દરેક જિલ્લામાં ઓલિમ્પિક રમતોની નર્સરી.

૧૦. હર ઘર ગૃહિણી યોજના હેઠળ રૂ. ૫૦૦માં સિલિન્ડર.

૧૧. અવલ બાલિકા યોજના હેઠળ ગ્રામીણ વિસ્તારોમાં કોલેજ જતી દરેક છોકરીને સ્કૂટર આપવામાં આવશે.

૧૨. દરેક હરિયાણવી અગ્નિવીરને સરકારી નોકરીની ગેરંટી.

૧૩. KMP ના ઓર્બિટલ રેલ કોરિડોરનું નિર્માણ અને ભારત સરકારના સહયોગથી નવી વંદે ભારત ટ્રેનોની રજૂઆત.

૧૪. ભારત સરકારના સહયોગથી ફરીદાબાદ અને ગુરુગ્રામ વચ્ચે ઘણી ઝડપી રેલ સેવાઓ અને ઈન્ટરસિટી એક્સપ્રેસ મેટ્રો સેવાનો પ્રારંભ.

૧૫. નાની પછાત જાતિઓ (૩૬ સમુદાયો) માટે પર્યાપ્ત બજેટ સાથે અલગ કલ્યાણ બોર્ડ.

૧૬. ડીએ અને પેન્શનને જોડતા વૈજ્ઞાનિક ફોર્મ્યુલાના આધારે તમામ સામાજિક માસિક પેન્શનમાં વધારો થશે.

૧૭. ભારતની કોઈપણ સરકારી કોલેજમાંથી મેડિસિન અને એન્જિનિયરિંગનો અભ્યાસ કરતા હરિયાણાના OBC અને SC જાતિના વિદ્યાર્થીઓને સંપૂર્ણ શિષ્યવૃત્તિ.

૧૮. હરિયાણા રાજ્ય સરકાર મુદ્રા યોજના ઉપરાંત તમામ ‘મ્ઝ કેટેગરીના ઉદ્યોગ સાહસિકો માટે રૂ. ૨૫ લાખ સુધીની લોનની બાંયધરી આપશે.

૧૯. હરિયાણાને વૈશ્વિક શિક્ષણનું કેન્દ્ર બનાવીને આધુનિક કૌશલ્યોની તાલીમ આપવામાં આવશે.

૨૦. દક્ષિણ હરિયાણામાં આંતરરાષ્ટ્રીય સ્તરનો અરવલ્લી જંગલ સફારી પાર્ક.

### પેલેસ્ટાઈન સંબંધિત ઠરાવ પર મતદાન થયું

# ૧૨૪ દેશોએ પેલેસ્ટાઈન સંબંધિત પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું

## ૧૪ દેશોએ પ્રસ્તાવના વિરોધમાં મતદાન કર્યું

લંડન, તા.૧૯

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં પેલેસ્ટાઈન સંબંધિત ઠરાવ પર મતદાન કરવાથી ભારત દૂર રહ્યું. આ ઠરાવમાં માંગ કરવામાં આવી હતી કે, પેલેસ્ટાઈન પર ઈઝરાયેલના ગેરકાયદે કબજાને શક્ય તેટલી વહેલી તકે દૂર કરવામાં આવે અને તે પણ કોઈપણ વિલંબ વગર ૧૨ મહિનાની અંદર. ભારતે આ પ્રસ્તાવ પર મત આપ્યો ન હતો.

૧૨૪ દેશોએ આ પ્રસ્તાવની તરફેણમાં મતદાન કર્યું હતું. એટલે કે યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીમાં, પેલેસ્ટાઈનના કબજે કરેલ વિસ્તાર ખાલી કરવા માટે ઈઝરાયેલને ૧૨૪ દેશે કહી દીધુ છે. અમેરિકા સહિત ૧૪ દેશોએ આ પ્રસ્તાવની વિરૂદ્ધમાં મતદાન કર્યું હતું. ઈઝરાયેલ અને અમેરિકાએ ઠરાવની વિરુદ્ધમાં મતદાન કર્યું હતું. જ્યારે ભારત સહિત ૪૩ દેશોએ મતદાનમાં ભાગ જ લીધો ન હતો. જ્યારે, જે દેશે મતદાનમાં ભાગ લીધો ન હતો તેમાં ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, કેનેડા, જર્મની, ઈટાલી, નેપાળ, યુક્રેન અને બ્રિટનનો સમાવેશ થાય છે.

બુધવારે પસાર કરાયેલા ઠરાવમાં માંગ કરવામાં આવી હતી કે, ઈઝરાયેલ કબજા હેઠળના પેલેસ્ટિનિયન ક્ષેત્રમાં કોઈપણ વિલંબ વિના અને વર્તમાન ઠરાવને અપનાવ્યાના ૧૨ મહિનાની અંદર તેની ગેરકાયદેસર હાજરી દૂર કરે. તેમાં એમ પણ કહેવાયું છે કે અધિકૃત પેલેસ્ટાઈન ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કાયદાના કોઈપણ ઉલ્લંઘન માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવવું જોઈએ.

પેલેસ્ટાઈન દ્વારા તૈયાર કરવામાં આવેલ આ ઠરાવમાં ઈઝરાયેલ સરકાર દ્વારા યુએન ચાર્ટર, આંતરરાષ્ટ્રીય કાયદા અને સંબંધિત યુએન ઠરાવો હેઠળની તેની જવાબદારીઓની અવગણનાની વાત કરવામાં આવી છે અને આ માટે તેની સખત નિંદા કરવામાં આવી છે.

આ સાથે એ વાત ઉપર પણ ભાર મુકવામાં આવ્યો હતો કે, આવા ઉલ્લંઘનોથી પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા માટે ગંભીર ખતરો છે

### ‘તિરુમાલા પ્રસાદમાં જાનવરોની ચરબી’

# આંધ્રપ્રદેશના CM ચંદ્રબાબુ નાયડુના આરોપથી ખળભળાટ

## આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ જગનમોહન રેડ્ડી સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે

નવી દિલ્હી, તા.૧૯

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ જગનમોહન રેડ્ડી સરકાર પર મોટો આરોપ લગાવ્યો છે. આ આરોપ બાદ રાજ્યના રાજકારણમાં ગરમાવો આવી ગયો છે. મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ આરોપ લગાવ્યો કે જગનમોહન રેડ્ડીના કાર્યકાળ દરમિયાન તિરુમાલા વેંકટેશ્વર સ્વામી મંદિરમાં ઉપલબ્ધ તિરુમાલા લાડુ પ્રાણીઓની ચરબીમાંથી બનાવવામાં આવ્યા હતા. મહત્વની વાત એ છે કે તિરુમાલા મંદિર હિંદુ સમુદાયના લોકો માટે પવિત્ર પૂજા સ્થાનોમાંથી એક છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, છેલ્લા ઘણા સમયથી તિરુમાલામાં આપવામાં આવતા પ્રસાદની ગુણવત્તાને લઈને ફરિયાદો આવી છે.

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કહ્યું, ‘જગન સરકારે તિરુમાલાના દરેક પાસાને નષ્ટ કરવાનું કામ કર્યું. ખૂબ જ અણગમો અને દુઃખ સાથે કહેવું પડે છે કે તિરુમાલા લાડુ તૈયાર કરવા માટે પ્રાણીની ચરબીનો ઉપયોગ કરવામાં આવતો હતો અને તેના કારણે ઉત્પાદનની ગુણવત્તા સંપૂર્ણપણે બગડી ગઈ હતી. અમે સત્તામાં આવતાની સાથે જ લાડુ માટે શુદ્ધ ઘીનો ઉપયોગ તાત્કાલિક અસરથી લાગુ કર્યો.’ લાડુ બનાવવામાં ચરબીનો ઉપયોગ થતો હોવાના આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુના આક્ષેપ બાદ તીર્થયાત્રી સમુદાયમાં ખળભળાટ મચી ગયો છે. અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે આ મામલો ખૂબ ગંભીર બની શકે છે. સાથે જ આ મામલે તપાસની માંગ પણ ઉઠવા લાગી છે. આ દાવા પછી હિન્દુ મતદારોમાં આંધ્રપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અને રૂજીઇ કોંગ્રેસની છબીને પણ ભારે નુકસાન થઈ શકે છે.

આંધ્રપ્રદેશની ચંદ્રા બાબુ નાયડુ સરકારે તિરુમાલા પ્રસાદમ માટે શુદ્ધ નંદિની કંપનીના ઘીનો ઉપયોગ ફરજિયાત કર્યો છે. અહેવાલો અનુસાર, અગાઉની રાજ્ય સરકારે આ ઘીના ઉપયોગ પર પ્રતિબંધ મૂક્યો હતો. જેમાં જણાવવામાં આવ્યું હતું કે શુદ્ધ નંદિની કંપનીના ઘીનો ઉપયોગ કર્યા બાદ પ્રસાદમની ગુણવત્તામાં નોંધપાત્ર સુધારો થયો છે.

### દાતા સ્ટેટ મહારાણા રિદ્દિરાજસિંહનું નિવેદન

# રૂપાલાનાં નિવેદનથી અમારો રાજપૂત સમાજ એકઠો થઈ શક્યો

## અમારો રૂપાલાનાં નિવેદનથી રાજપૂત સમાજ એકઠો થઈ શક્યો તેથી રૂપાલાને હું થેંકયુ કહું છું : દાતા સ્ટેટ મહારાણા

અમદાવાદ, તા.૧૯

અમદાવાદના રાજપૂત ભવન ખાતે રાજ્યના અલગ અલગ રજવાડા દ્વારા પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગર મહારાજા વિજયરાજસિંહ ગોહિલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે અમારો કાર્યક્રમ કોઈ રાજકીય નથી, અમારો કાર્યક્રમ આવનારી પેઢીના વિકાસ માટેનો કાર્યક્રમ છે. દરેક રજવાડાઓ આ કાર્યક્રમમાં ભેગા થશે. ભાવનગરના યુવરાજની પોસ્ટ મામલે વિજયરાજસિંહે સ્પષ્ટતા કરતા કહ્યું કે એમને એવું લાગ્યું હશે કે અમારો કોઈ રાજકીય હેતુ હશે એટલે તેમણે પોસ્ટ કરી હશે અન્ય કોઈ વાત નથી.

દાતા સ્ટેટ મહારાણા રિદ્દિરાજસિંહનું નિવેદન આપતા કહ્યું હતું કે અમારો કાર્યક્રમ સંપૂર્ણ ક્ષત્રિય સમાજ માટે છે. સમાજના નાના મોટા પ્રશ્નો પર ધ્યાન આપવામાં આવશે. આગામી દિવસોમાં મોટા પાયે સમૂહ લગ્ન કરવામાં આવશે અને ક્ષત્રિય સમાજમાં અનેક વિભાજન થયા છે. જેને એક કરવામાં આવશે. કૃષ્ણકુમાર સિંહજી અમારા વડીલ છે એટલે ભાવનગર સ્ટેટ વડપણ હેઠળ કાર્યક્રમ યોજાશે. આમારો રૂપાલાનાં નિવેદનથી રાજપૂત સમાજ એકઠો થઈ શક્યો તેથી રૂપાલાને હું થેંક્યુ કહું છું. સમાજના ભવનથી કોઈ રાજનીતિ કરશે નહિ કોઈએ વ્યક્તિગત રાજનીતિ કરવી હોય તો ભવનની બહારથી કરી શકે છે. આ દરવાજામાં રાજકીય કામ નહી થાય. આ પત્રકાર પરિષદમાં સમાજના આગેવાન એવા અશ્વિન સિંહ સરવૈયા જણાવ્યું હતું કે આજે સવારથી જ અલગ અલગ સમાચારો વહેતા થયા છે. રાજપૂત વિદ્યાસભા સમાજના હિતમાં સહકાર આપશે અમે સંકલન સમિતિને પણ પ્લેટફોર્મ આપ્યો હતો.

### તમામ પક્ષકારોને ૨૧ દિવસમાં જવાબ આપવા આદેશ

# અમેરિકાની કોર્ટે NSA ડોભાલ અને ભારત સરકારને પાઠવ્યું સમન્સ

## અમેરિકાની અદાલતે ખાલિસ્તાની આતંકવાદી પન્નુની હત્યાના કાવતરાના આરોપમાં ભારત સરકારને સમન્સ જારી કર્યું

નવી દિલ્હી,તા.૧૯

અમેરિકાની એક અદાલતે ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાના આરોપમાં ભારત સરકારને સમન્સ જારી કર્યું છે. ભારત સરકારે આ અંગે સખત વાંધો વ્યક્ત કર્યો છે.

ભારતીય વિદેશ મંત્રાલયે આને સંપૂર્ણપણે ખોટું ગણાવ્યું છે. જ્યારે વિદેશ સચિવ વિક્રમ મિસરીને આ અંગે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે આ બિલકુલ ખોટું છે અને અમને તેની સામે વાંધો છે. ન્યૂયોર્કના દક્ષિણી જિલ્લાની જિલ્લા અદાલતે આ સમન્સ ભારત સરકાર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ, પૂર્વ ઈછઉ ચીફ સામંત ગોયલ, ઈછઉ એજન્ટ વિક્રમ યાદવ અને ઉદ્યોગપતિ નિખિલ ગુપ્તાના નામ પર જારી કર્યા છે. આ સમન્સમાં તમામ પક્ષકારોને ૨૧ દિવસમાં જવાબ આપવા માટે કહેવામાં આવ્યું છે. અમેરિકી કોર્ટના સમન્સ પર વિદેશ સચિવે કહ્યું કે જ્યારે આ મામલો પહેલીવાર અમારા ધ્યાન પર આવ્યો ત્યારે અમે કાર્યવાહી કરી. આ મુદ્દે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે, જે તપાસ કરી રહી છે. હવે હું તે વ્યક્તિ તરફ ધ્યાન દોરવા માંગુ છું જેણે આ કેસ દાખલ કર્યો છે. ગુરપતવંત સિંહ પન્નુનો ઈતિહાસ બધા જાણે છે કે તે કેવી રીતે ગેરકાયદેસર સંગઠન સાથે જોડાયેલા છે. ગુરપતવંત સિંહ કટ્ટરવાદી સંગઠન શીખ ફોર જસ્ટિસના વડા છે. તેઓ ભારતીય નેતાઓ અને સંસ્થાઓ વિરુદ્ધ ઝેરીલા નિવેદનો આપતા રહ્યા છે. ભારત સરકારે ૨૦૨૦માં ગુરપતવંત સિંહ પન્નુને આતંકવાદી જાહેર કર્યો હતો. ગયા વર્ષે નવેમ્બરમાં બ્રિટિશ અખબાર ફાઈનાન્સિયલ ટાઈમ્સે તેના એક અહેવાલમાં દાવો કર્યો હતો કે અમેરિકાએ પન્નુની હત્યાના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે. પન્નુ પાસે અમેરિકા અને કેનેડા બંનેની નાગરિકતા છે. જો બિડેન વહીવટીતંત્ર દ્વારા પાછળથી આ અહેવાલની પુષ્ટિ કરવામાં આવી હતી. આ મુદ્દાની માહિતી મળતાં જ વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે જો આવું છે તો તે ચિંતાનો વિષય છે. અમે આ મામલે ઉચ્ચ કક્ષાએ તપાસ કરાવીશું.

### કેનેડા સરકારે વિદેશી વિદ્યાર્થીઓને ફરી ઝટકો આપ્યો

# કેનેડાએ વિદ્યાર્થી વિઝામાં ૩૫ ટકાનો ઘટાડો કર્યો

## ટ્રૂડોએ જણાવ્યું હતું કે તેમની સરકાર ગેરકાયદે લોકો પર કાર્યવાહી કરશે જેઓ ઇમિગ્રેશન સિસ્ટમનો દુરુપયોગ કરે છ

કેનેડા,તા.૧૯

કેનેડા સરકારે વિદેશી વિદ્યાર્થીઓને ફરી એકવાર મોટો ઝટકો આપ્યો છે. વડાપ્રધાન જસ્ટિન ટ્રૂડોના એક નિર્ણયે ઘણા વિદેશી વિદ્યાર્થીઓના સપના તૂટી ગયા છે. આ નિર્ણય અનુસાર હવે વિદેશી વિદ્યાર્થીઓની પરમિટમાં પણ વધુ ઘટાડો કરવામાં આવ્યો છે. ટ્રૂડોએ આ માટે દેશમાં વસતા ગેરકાયદે લોકો પર આરોપ લગાવ્યો છે. આ નિર્ણય પાછળનો તર્ક એ છે કે કેનેડામાં રહેવાની ઊંચી કિંમત અને વિદેશી વિદ્યાર્થીઓ અને કામદારોના આગમનમાં થયેલા વધારાને કારણે હાઉસિંગ કટોકટીના ભારે દબાણને કારણે પીએમ જસ્ટિન ટ્રૂડોએ આ નિર્ણય લીધો છે.

ટ્રૂડોએ તાજેતરમાં અસ્થાયી વિદેશી કામદારોની સંખ્યામાં મોટા કાપની જાહેરાત કરી હતી, જેના પગલે ભારે વિરોધ ફાટી નીકળ્યો હતો. હવે કેનેડા વિદેશી વિદ્યાર્થીઓ અને કામદારો માટે અભ્યાસ પરમિટની સંખ્યામાં વધુ ઘટાડો કરી રહ્યું છે. જસ્ટિન ટ્રૂડોએ જણાવ્યું હતું કે તેમની સરકાર ગેરકાયદે લોકો પર કાર્યવાહી કરશે જેઓ ઈમિગ્રેશન સિસ્ટમનો દુરુપયોગ કરે છે અને વિદ્યાર્થીઓનો લાભ લે છે. કેનેડાએ આ વર્ષે પહેલેથી જ ૩૫ ટકા ઓછી પરમિટ આપી છે. હવે ટ્રૂડોએ ૨૦૨૫માં તેમાં વધુ ૧૦ ટકાનો ઘટાડો કરવાની જાહેરાત કરી છે.

ટ્રૂડોએ કહ્યું કે અમે આ વર્ષે વિદેશી વિદ્યાર્થીઓને ૩૫% ઓછી પરમિટ આપી રહ્યા છીએ અને આવતા વર્ષે તેમાં વધુ ૧૦% ઘટાડો કરીશું. ઈમિગ્રેશન આપણી અર્થવ્યવસ્થા માટે ફાયદાકારક છે, પરંતુ જ્યારે ગેરકાયદે લોકો સિસ્ટમનો દુરુપયોગ કરે છે અને વિદ્યાર્થીઓનો ફાયદો ઉઠાવે છે, ત્યારે અમે ભાંગી પડીએ છીએ, તેમણે ટ્વિટર પરની પોસ્ટમાં જણાવ્યું હતું.ઉલ્લેખનીય છે કે આ સમય દરમિયાન, કેનેડિયન મતદાતાઓ રહેવાની વધતી કિંમત અને આવાસની કટોકટી સાથે પણ સંઘર્ષ કરી રહ્યા છે, જેનું કારણ વિદેશી વિદ્યાર્થીઓ અને કામદારો સહિત અસ્થાયી નિવાસીઓના આગમનમાં વધારો છે. તેનાથી ટ્રૂડોની લોકપ્રિયતામાં ઘટાડો થયો છે. ટ્રૂડોની લિબરલ પાર્ટી ૨૦૨૫માં આગામી ફેડરલ ચૂંટણી પહેલા મધ્ય-જમણે પિયર પોઈલીવરેના કન્ઝર્વેટિવ્સથી ખરાબ રીતે પાછળ છે.

### વડાપ્રધાન મોદીએ રાહુલ ગાંધી પર સાધ્યું નિશાન

# કોંગ્રેસના "વારસદાર" આપણા દેવી-દેવતાને ભગવાન નથી માનતા

## કાશ્મીરની બરબાદી માટે ત્રણ રાજવંશ જવાબદાર છે, પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ રાજવંશોની ચુંગાલમાં નહીં રહે : વડાપ્રધાન મોદી

જમ્મુ, તા.૧૯

જમ્મુ-કાશ્મીરમાં ૨૫ સ્પટેમ્બરના રોજ યોજાનાર બીજા તબક્કાના મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કટરાની રેલીમાં જય કારા શેરોવાલીના જયકારથી પોતાનું સંબોધન શરૂ કર્યું હતું. પીએમ મોદીએ અહીં રાહુલ ગાંધી પર નિશાન સાધતા તેમને કોંગ્રેસનો વારસદાર ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ પાર્ટીના વારસદારે વિદેશમાં જઈને શું કહ્યું તે તો તમે બધાએ સાંભળ્યું જ હશે. તેઓ કહે છે કે આપણા દેવી-દેવતા ભગવાન નથી. હિન્દુ ધર્મમાં ગામ-ગામમાં દેવતાઓની પરંપરા છે. આપણે ઈષ્ટ દેવોમાં શ્રદ્ધા રાખનારા લોકો છીએ અને આ કોંગ્રેસ વાળા કહે છે કે દેવતા ભગવાન નથી. શું આ આપણા દેવતાઓનું અપમાન નથી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ, આજે ગુરુવારે શ્રીનગરમાં તેમની પ્રથમ ચૂંટણી રેલીને સંબોધિત કરતા કહ્યું હતું કે, ગઈકાલે અહીં પ્રથમ તબક્કાની ચૂંટણી માટે મતદાન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકોએ ભાગ લીધો હતો. પ્રથમ વખત આતંકના ઓછાયા વગર નિર્ભિક રીતે મતદાન થયું. અહીંના રાજકીય રાજવંશો પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે, કાશ્મીરની બરબાદી માટે ત્રણ રાજવંશ જવાબદાર છે, પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ રાજવંશોની ચુંગાલમાં નહીં રહે.

પીએમ મોદીએ કહ્યું કે, જમ્મુ-કાશ્મીરમાં અત્યારે લોકશાહીનો તહેવાર ચાલી રહ્યો છે. આટલી મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા માટે બહાર આવ્યા હતા. બધાએ પણ ખુલ્લા મનથી મતદાન કર્યું હતું. ઘણી બેઠકો પર મતદાનનો રેકોર્ડ તૂટ્યો હતો. તમે લોકોએ નવો ઈતિહાસ રચ્યો છે. જમ્મુ-કાશ્મીરના લોકોએ એક નવો ઈતિહાસ રચ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગઈકાલે જ ૭ જિલ્લામાં પ્રથમ રાઉન્ડનું મતદાન થયું હતું. પ્રથમ વખત આતંકના પડછાયા વગર આ મતદાન થયું. આટલી મોટી સંખ્યામાં લોકો મતદાન કરવા ઘરની બહાર નીકળ્યા તે આપણા બધા માટે ખૂબ જ આનંદ અને ગર્વની વાત છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે કિશ્તવાડમાં ૮૦% થી વધુ, ડોડા જિલ્લામાં ૭૧% થી વધુ મતદાન, રામબનમાં ૭૦% થી વધુ અને કુલગામમાં ૬૨% થી વધુ મતદાન થયું છે. ઘણી બેઠકો પર ગત વખતના મતદાનનો રેકોર્ડ તૂટી ગયો છે. આ એક નવો ઈતિહાસ રચાયો છે, આ નવો ઈતિહાસ જમ્મુ-કાશ્મીરના લોકોએ રચ્યો છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ-NC-PDP એ જ વિભાજન સર્જ્યું. પરંતુ ભાજપ દરેકને જોડે છે. અમે દિલ અને દિલ્હી વચ્ચેનું અંતર દૂર કરી રહ્યા છીએ.

કેન્દ્રશાસિત પ્રદેશના ત્રણ પરિવારો પર પ્રહાર કરતા પીએમ મોદીએ કહ્યું કે, કાશ્મીરના વિનાશ માટે ત્રણ પરિવાર જવાબદાર છે. આ ત્રણ પરિવારોને લાગે છે કે તેમના પર કોઈ કેવી રીતે સવાલ ઉઠાવી શકે. તેમનો ઉદ્દેશ્ય કોઈને કોઈ રીતે ખુરશી પર ટકી રહેવાનો અને તમને લૂંટવાનો છે. આ લોકોનું કામ તમને તમારા કાયદેસરના અધિકારોથી વંચિત રાખવાનું છે. તેઓએ જમ્મુ-કાશ્મીરને માત્ર તાશદ્દુત એટલે કે ડર અને ઈન્તિશર એટલે કે અરાજકતા જ આપી છે. પરંતુ હવે જમ્મુ અને કાશ્મીર આ ત્રણ પરિવારની પકડમાં નહીં રહે. પીએમ મોદીએ કહ્યું કે, તેનો ઉદ્દેશ્ય જમ્મુ-કાશ્મીરને આતંકથી મુક્ત કરવાનો, જમ્મુ-કાશ્મીર વિરુદ્ધ ષડયંત્ર રચી રહેલી દરેક શક્તિને હરાવવા અને અહીંના યુવાનોને રોજગારીની તકો પૂરી પાડવાનો છે. આ મોદીનો ઈરાદો છે, મોદીનું વચન છે.

શાંતિ પુનઃસ્થાપિત કરવા વિશે વાત કરતા પીએમ મોદીએ કહ્યું, "હું આ ત્રણ પરિવારો દ્વારા આપણી બીજી પેઢીને બરબાદ થવા નહીં દઉં. હું અહીં શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે સંપૂર્ણ ઈમાનદારી સાથે કામ કરી રહ્યો છું. આજે જમ્મુ-કાશ્મીરમાં શાળાઓ અને કોલેજો સુચારૂ રીતે ચાલી રહી છે. "બાળકોના હાથમાં પેન, પુસ્તકો, લેપટોપ હોય છે." તેમણે વધુમાં કહ્યું, "આજે શાળાઓમાં આગના કોઈ અહેવાલ નથી, પરંતુ આજે નવી શાળાઓ, નવી કોલેજો, એઈમ્સ, મેડિકલ કોલેજ, આઈઆઈટીના નિર્માણના અહેવાલો છે.

બીજા તબક્કાના મતદાન પહેલા પીએમ મોદીએ કટરામાં કહ્યું કે, કોંગ્રેસ તો થોડા મતો માટે આપણી આસ્થા અને આપણી સંસ્કૃતિને ગમે ત્યારે દાવ પર લગાવી શકે છે. અમેરિકામાં કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના નિવેદનનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું."સ્એ કહ્યું કે, કોંગ્રેસના લોકો ભૂલથી આવી વાતો નથી બોલતા પરંતુ આ તેમની ઈરાદાપૂર્વકની ચાલ છે. આ નક્સલવાદી વિચારસરણી છે અને અન્ય દેશોમાંથી ઈમ્પોર્ટ કરવામાં આવેલી વિચારસરણી છે.

પીએમ મોદીએ આગળ કહ્યું કે, તમારે કોંગ્રેસ, પીડીપી અને નેશનલ કોન્ફરન્સના જે પરિવારોએ આ વિસ્તારને વર્ષો સુધી ઘાવ આપ્યા, જખમ આપ્યા તેમના રાજકીય વારસાનો સૂર્યાસ્ત કરવો પડશે. તેના માટે તમારે કમળના નિશાનને પસંદ કરવું પડશે. એ ભાજપ જ છે જે તમારા હિતોને પ્રાથમિકતા આપે છે. એ ભાજપ જ છે જેણે તમારી સાથે દાયકાઓથી ચાલી રહેલા ભેદભાવને ખતમ કર્યો છે. પીએમ મોદીએ કહ્યું કે, કોંગ્રેસના નેતાએ ઈરાદાપૂર્વક ડોગરા વિરાસત પર આ હુમલો કર્યો છે. આ મહોબ્બતની દુકાનના નામ પર નફરતનો સામાન વેચવાની આ તેમની જૂની નીતિ છે. તેમને વોટ બેંક સિવાય બીજું કંઈ નથી દેખાતું. તે ભારતમાં ભ્રષ્ટાચારના જન્મદાતા છે.

### ૫૪ ટકા લોકો છોડવા માગે છે પોતાની નોકરી

# ભારતમાં ૭૦ ટકા લોકો પોતાની નોકરીથી ખુશ નથી

## ફિનટેક સેક્ટરમાં ૪૦ ટકા લોકો પોતાની નોકરીથી ખુશ છે તો વળી ૬૦ ટકા લોકો પોતાની નોકરીથી નાખુશ છે

નવી દિલ્હી, તા.૧૯

હાલમાં જ આવેલા એક રિપોર્ટે ખુલાસો કર્યો છે કે દેશમાં ૭૦ ટકા લોકો પોતાની નોકરીથી ખુશ નથી. એટલે કે દેશમાં ૧૦માંથી ૭ લોકો પોતાની નોકરીથી ખુશ નથી. તો વળી અડધાથી વધારે લોકો પોતાની નોકરી છોડવા માગે છે. દેશના અલગ અલગ ભાગ અને ઈન્ડસ્ટ્રી સેક્ટરમાં મહિલા-પુરુષ કર્મચારીની વચ્ચે તેમની જોબને લઈને હેપીનેસમાં ખૂબ જ અંતર છે.

રિપોર્ટમાં જણાવ્યા અનુસાર, સૌથી વધારે પોતાની નોકરીથી નાખુશ લોકો છે ફિનટેક સેક્ટરમાં. ફિનટેક સેક્ટરમાં ૪૦ ટકા લોકો પોતાની નોકરીથી ખુશ છે તો વળી ૬૦ ટકા લોકો પોતાની નોકરીથી નાખુશ છે. તો વળી બાયોટેક્નોલોજી સેક્ટરમાં ફક્ત ૩૯ ટકા લોકો પોતાની નોકરીથી ખુશ છે અને આઈટી સેક્ટરમાં ૩૮ ટકા લોકો પોતાની નોકરીથી ખુશ છે. રિયલ એસ્ટેટ અને કન્સ્ટ્રક્શન સેક્ટરમાં ૨૦ ટકા લોકો જ પોતાની નોકરીથી ખુશ છે, બાકીના ૮૦ ટકા લોકો પોતાની નોકરીથી ખુશ નથી.

દેશમાં ૫૪ ટકા લોકો પોતાની નોકરી છોડવા માગે છે, તેનું કારણ વર્કપ્લેસ પર કોન્ફિલકટ, સહકર્મીઓના સાથ સહયોગમાં મોટી અડચણ છે. ૬૨ ટકા કર્મચારી કામ પર પોતાના વિચારો ખુલીને વ્યક્ત કરી શકતા નથી. સ્વતંત્ર રીતે મત રજૂ કરવામાં અસમર્થ એક નેગેટિવ વર્ક કલ્ચર કર્મચારીઓને અલગ અનુભવ કરાવે છે. આ ઉપરાંત જોબના કારણે અમુક લોકોને પર્સનલ ઈન્ટરેસ્ટ માટે સમય મળતો નથી. જેના કારણે લોકો પોતાની નોકરી છોડવા માગે છે.

૨૮-૪૪ એજ ગ્રુપમાં નોકરી છોડવાનો ઈરાદો સૌથી વધારે છે. ૨૮-૪૪ એજ ગ્રુપના ૫૯ ટકા લોકો નોકરી છોડવા માગે છે. મિલેનિયલ્સ હંમેશા કોન્ફિલકટના કારણે જોબ મેટ્સ સાથે કામ કરતા ભાગે છે. ૬૩ ટકા મિલેનિયલ્સને કામ પર તેમના યોગદાનને વખાણ અને સન્માન મળતું નથી. સાથે જ ૫૯ ટકા મિલેનિયલ્સ પોતાના રસના કારણે સમય કાઢી શકતા નથી. આ તમામ કારણોથી લોકો પોતાની નોકરીઓથી ખુશ નથી.

### અમદાવાદમાં મહિલા સુરક્ષા માટે સરકારની પહેલ

# મહિલા સુરક્ષા માટે સરકાર દ્વારા ઈમરજન્સી કોલ બોક્ષ મૂકાયા

## અમદાવાદમાં ૩૦૦થી વધુ ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. જેના સારા પરિણામો મળી રહ્યા છે

અમદાવાદ,તા.૧૯

મહિલાઓની સુરક્ષા હંમેશાં ચિંતાનો વિષય રહી છે, પરંતુ હવે સમયની સાથે આ ચિંતા વધી રહી છે. હિંસાની આ ઘટનાઓ કોઈ એક રાજ્ય, શહેર, નગર કે દેશ પૂરતી મર્યાદિત નથી. બળાત્કાર, એસિડ એટેક, હિંસા અને મહિલા ઉત્પીડનની ઘટનાઓ દુનિયાભરમાંથી સાંભળવા મળે છે. ત્યારે દેશમાં મહિલાઓની સુરક્ષા અનુસંધાનમાં કેન્દ્ર સરકાર દ્વારા ધરા વિવિધ પ્રોજેક્ટ શરૂ કરાયા છે. અમદાવાદમાં ૩૦૦થી વધુ ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. જેના સારા પરિણામો મળી રહ્યા છે અને પ્રતિદિને ૧૦૦ જેટલા કોલ મળી રહ્યા છે. જેમાં ખાસ કરીને એવા સંજોગોમાં જ્યાં પરિવાર પહોંચી ન શકે ત્યારે તાત્કાલિક પોલીસ પહોંચી જશે.

રસ્તા પર રાતે ફરતી બહેન-દીકરીઓ હવે સુરક્ષા માટે આશ્વસ્ત બની શકે છે. કારણ કે આ વખતે વચન આપનાર તેનો ભાઈ કે પરિવારજન નહીં પરંતુ પોલીસ છે. નિર્ભયા પ્રોજેક્ટ હેઠળ ઈમરજન્સી કોલ બોક્ષ નામનો મહત્ત્વનો પ્રોજેક્ટ શરૂ કરાયો હતો. આ કોલ બોક્ષ પ્રોજેક્ટમાં કોઈ વ્યક્તિ કોલ બોક્સની મદદથી પોલીસ કંટ્રોલ રૂમનો સીધો સપર્ક કરી શકે છે. અમદાવાદમાં નિર્ભયા સેફ સીટી પ્રોજેક્ટ અંતર્ગત ગુજરાત યુનિવર્સિટી, સિંધુ ભવન રોડ, નવરંગપુરા, સેટેલાઈટ, પ્રહલાદનગર, એસ.જી. હાઈવે સહિતના વિવિધ વિસ્તારોમાં ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. જેની ખાસીયત એ છે કે કોઈ વ્યક્તિને તાત્કાલિક પોલીસની મદદ જોઈતી હોય તો બોક્સનું બટન દબાવવાથી પોલીસ કંટ્રોલ રૂમ અને નજીકની પીસીઆર વાનને મેસેજ મળી જાય છે અને ગણતરીની મિનિટોમાં પોલીસ સ્ટાફ સ્થળ પર પહોંચી શકે છે. આ કોલ બોક્ષમાં વીડિયો કોલની પણ સુવિધા છે. જેથી કોલ કરનારની માહિતી પણ મળે છે.

અમદાવાદમાં હાલ ૩૦૦ જેટલા સ્થળો પર ઈમરજન્સી કોલ બોક્ષ ઈન્સ્ટોલ કરાયા છે. ખાસ કરીને જાહેર સ્થળો પર મહિલાઓની છેડતી કે કોઈને પડતી મુશ્કેલી સમયે આ સિસ્ટમ ઉપયોગી બને છે.

પોલીસના જણાવ્યા મુજબ, પ્રોજેક્ટ મહિલા સુરક્ષાનો છે. પરંતુ, આ પ્રોજેક્ટ સિનિયર સિટીઝન સહિત તમામ લોકો માટે ઉપયોગી છે. જેમાં હાલ પોલીસ કંટ્રોલ રૂમ પર ૧૦૦ જેટલા કોલ મળે છે. હાલ આ પ્રોજેક્ટ અમદાવાદ સહિત, દિલ્હી, મુંબઈ, કોલકત્તા, ચેન્નાઈ, બેંગાલુરૂ, હૈદરાબાદ અને લખનઉમાં કાર્યરત કરાયો છે.

### બંને દેશો પાસે મોટા અર્થતંત્ર અને મોટું લશ્કર છે

# ભારત-અમેરિકાના સંબંધોથી ચીન અને રશિયા ચિંતિત : અમેરિકન ડિપ્લોમેટ

## બાઇડેને કહ્યું હતું કે, અમેરિકા અને ભારત ઘનિષ્ઠ મિત્રો અને ભાગીદાર બનશે તો વિશ્વ સુરક્ષિત સ્થળ હશે

વૉશિંગ્ટન, તા.૧૯

ચીન અને રશિયા ભારત-અમેરિકાના મજબૂત બનતા સંબંધોથી ચિંતિત છે. બંને દેશ સર્વસમાવેશિતા, શાંતિ અને વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલને પ્રોત્સાહન આપે છે અને સમાજમાં જુદાજુદા વર્ગોના મતનું સન્માન કરતા હોવાથી ચીન અને રશિયા ચિંતામાં છે એવી ટિપ્પણી અમેરિકાના ટોચના રાજદ્વારીએ સોમવારે કરી હતી. પ્રતિષ્ઠિત હડસન ઈન્સ્ટિટ્યુટમાં ડેપ્યુટી સેક્રેટરી ઓફ સ્ટેટ ફોર મેનેજમેન્ટ અને રિસોર્સિસ રિચર્ડ વર્માએ જણાવ્યું હતું કે, "તમને શું લાગે છે કે ચીન અને રશિયા આ (ભારત-અમેરિકાની) ભાગીદારીથી આટલા ચિંતિત કેમ છે? કારણ કે અમે બાકીના વિશ્વને સર્વસમાવેશિતા, શાંતિ, વિવાદોનો શાંતિપૂર્ણ ઉકેલ તેમજ કાયદાના પાલન અંગે શીખવીએ છીએ. ભારત અને અમેરિકા સમાજના દરેક વ્યક્તિનો અવાજ સાંભળે છે." તેમણે વધુમાં જણાવ્યું હતું કે, "ભારત અને અમેરિકા વચ્ચેનો સંબંધ અમેરિકાના ઘણા વિરોધીઓના અન્ય દેશ સાથેના સંબંધ કરતા 'બહુ અલગ' છે. પ્રેસિડેન્ટ જો બાઈડેને આ વિશેષતાને કારણે જ બંને દેશના સંબંધોને 'વર્તમાન શતાબ્દીના સૌથી મહત્વના સંબંધ' તરીકે ઓળખાવ્યો છે. રિચર્ડ વર્માએ ભૂતકાળને વાગોળતા જણાવ્યું હતું કે, "લગભગ ૨૦ વર્ષ પહેલાં હું એ સમયના સેનેટર બાઈડેન અને સ્ટાફ ડિરેક્ટર ટોની બ્લિન્કન સાથે સેનેટમાં ઊભો હતો ત્યારે બાઈડેને કહ્યું હતું કે, અમેરિકા અને ભારત ઘનિષ્ઠ મિત્રો અને ભાગીદાર બનશે તો વિશ્વ સુરક્ષિત સ્થળ હશે." તેમણે કહ્યું હતું કે, "માત્ર આપણી પાસે મોટું લશ્કર છે કે બંને દેશ મોટા અર્થતંત્ર છે એટલે નહીં, પણ આપણે વિશ્વભરના લોકોના રોજિંદા જીવનને સ્પર્શતી સમસ્યા માટે દ્રઢતાથી ઊભા રહીએ છીએ એટલે ભારત-અમેરિકાનો સંબંધ મહત્વનો છે."

### હરિયાણામાં ચૂંટણી પહેલા ભાજપને મોટો ઝટકો

# મનોહર લાલ ખટ્ટરના ભત્રીજા રમિત ખટ્ટર કોંગ્રેસમાં જોડાયા

## રમિત ખટ્ટર મનોહર લાલ ખટ્ટરના ભાઇ જગદીશના પુત્ર છે

ચંદીગઢ, તા.૧૯

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી પહેલા મોટી રાજકીય હિલચાલ જોવા મળી રહી છે. હરિયાણામાં ભાજપ પહેલાથી જ સત્તા વિરોધી લહેરનો સામનો કરી રહી છે. આ વચ્ચે હવે કેન્દ્રીય મંત્રી અને ભાજપના દિગ્ગજ નેતા મનોહર લાલ ખટ્ટરના ભત્રીજા રમિત ખટ્ટર કોંગ્રેસમાં જોડાઈ ગયા છે. રાજ્યમાં ભલે અત્યારે નાયબ સિંહ સૈની સીએમ છે, પરંતુ પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલ હજુ પણ હરિયાણાના રાજકારણમાં ભારે દબદબો ધરાવે છે. આ સ્થિતિમાં તેમના ભત્રીજાનો કોંગ્રેસમાં સામેલ થવું ભાજપ માટે મોટા ઝટકા સમાન છે.

રમિત ખટ્ટર પૂર્વ સીએમ મનોહર લાલ ખટ્ટરના ભાઈ જગદીશના પુત્ર છે. ૨૦૨૦માં એક ડિવિઝનલ ફોરેસ્ટ અધિકારી સાથે મારપીટ કરવાના મામલામાં રમિતનો પણ નામ સામે આવ્યો હતો. ઉપરાંત આ મામલે તેમની વિરૂદ્ધ ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી. તે વખતે મનોહર લાલ રાજ્યના સીએમ હતા. જો કે, રમિતે તે બાબતે કહ્યું હતું કે, 'હું વેપારી છું, આ ઘટનાને એ રૂપે ન જોવું જોઈએ કે હું સીએમનો ભત્રીજો છું. હું તો ચંડીગઢ જઈ રહ્યો હતો, પરંતુ મિત્રના કહેવા પર હું ફક્ત તેની સાથે વન વિભાગની ઓફિસમાં ગયો હતો.'

નોંધનીય છે કે, મનોહર લાલ ખટ્ટરનો હરિયાણાના પંજાબી સમુદાયના લોકો વચ્ચે સારો પ્રભાવ માનવામાં આવે છે. તેઓ કરનાલ બેઠકથી લોકસભા સાંસદ પણ છે, જ્યાં પંજાબી વર્ગની મોટી વસ્તી વસે છે.

આ ઉપરાંત અંબાલા, કુરુક્ષેત્ર અને યમુનાનગરમાં પણ મનોહર લાલ ખટ્ટરનો ભારે દબદબો જોવા મળે છે. હાલ હરિયાણામાં ભાજપ આંતરિક અસંતોષ અને સત્તા વિરોધી લહેરનો સામનો કરી રહ્યો છે. આવી પરિસ્થિતિમાં મનોહર લાલ જેવા દિગ્ગજ નેતાઓ ભાજપ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

ભાજપે વિધાનસભા ચૂંટણી માટે ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદથી જ અનેક જિલ્લાઓમાં પાર્ટીના જૂના નેતાઓ નારાજ પાર્ટીથી નારાજ થયા હતા. ત્યાર બાદ એક પછી એક ઘણાં દિગ્ગજ નેતાઓએ પાર્ટીમાંથી રાજીનામાં આપ્યા હતા. જેમાં પૂર્વ મંત્રીઓ અને ધારાસભ્યોનો પણ સમાવેશ થાય છે.

હરિયાણામાં પાંચ ઓક્ટોબરે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. અહીં ૧૦ વર્ષ સુધી સત્તામાં રહ્યા બાદ ભાજપ હવે સત્તા વિરોધી લહેરનો સામનો કરી રહી છે. જાતિ અને અનામતના મુદ્દા ભાજપ માટે મોટા પડકાર બની ગયા છે. જનનાયક જનતા પાર્ટી (જેજેપી) સાથે ગઠબંધન તૂટ્યા બાદ ભાજપ પાસે રાજ્યમાં હવે કોઈ મજબૂત સહયોગી નથી છે. આ ઉપરાંત કેટલાક દિગ્ગજોએ પાર્ટીનો સાથ છોડતા હરિયાણા ભાજપમાં સિનિયર નેતાઓની ભારે અછત પણ વર્તાઈ રહી છે.

હરિયાણામાં પાંચ ઓક્ટોબરના રોજ મતદાન થશે અને ૮ ઓક્ટોબરના રોજ પરિણામ જાહેર થશે. અગાઉ રાજ્યમાં ૧ ઓક્ટોબરના રોજ મતદાન થવાનું હતું અને જમ્મુ અને કાશ્મીર વિધાનસભાની ચૂંટણી સાથે ૪ ઓક્ટોબરના રોજ પરિણામો જાહેર થવાના હતા. હવે બંને રાજ્યોના ચૂંટણી પરિણામો ૮ ઓક્ટોબરે જાહેર થશે.

### રાષ્ટ્રપતિએ આપી મંજૂરી

# દિલ્હીની નવનિયુક્ત મુખ્યમંત્રી આતિશી ૨૧મીએ શપથ લેશે

## CM આતિશી સાથે મંત્રીમંડળ પણ શપથ લે તેવી અટકળો

નવી દિલ્હી,તા.૧૯

અરવિંદ કેજરીવાલના રાજીનામા બાદ આતિશી માર્લેના દિલ્હીના આગામી સીએમ બનવા જઈ રહી છે. તેઓ ૨૧ સપ્ટેમ્બરે મુખ્યમંત્રી પદના શપથ લેશે. તેમની આખી કેબિનેટ પણ એ જ દિવસે શપથ લેશે. આ પહેલા સમાચાર આવી રહ્યા હતા કે આતિશી એકલા જ શપથ લેશે અને તેમની કેબિનેટ પછી નક્કી કરવામાં આવશે. જણાવી દઈએ કે આ પહેલા દિલ્હીના લેફટનન્ટ ગવર્નર વિનય સકસેનાએ રાષ્ટ્રપતિ અને ગૃહ મંત્રાલયને પત્ર મોકલ્યો હતો અને આતિશીને સીએમ તરીકે શપથ લેવાની તારીખ તરીકે ૨૧ સપ્ટેમ્બર ૨૦૨૪નો પ્રસ્તાવ મૂક્યો હતો. પાર્ટી પણ આ માટે સહમત છે.

આતિશીની કેબિનેટમાં કેટલાક નવા ચહેરાઓને પણ સામેલ કરવામાં આવી શકે છે. હાલમાં કેબિનેટમાં ૨ જગ્યાઓ ખાલી છે. આ અંગે પાર્ટીમાં ચર્ચા ચાલી રહી છે. સૂત્રોનું કહેવું છે કે કેબિનેટમાં કોઈપણ દલિત ચહેરાનો સમાવેશ થઈ શકે છે. આ સાથે જ કેજરીવાલના વિશ્વાસુ દિલીપ પાંડેને પણ આતિશી કેબિનેટમાં સ્થાન મળી શકે છે. છછઁના વરિષ્ઠ નેતા સોમનાથ ભારતીનું નામ આગામી આતિશી કેબિનેટને લઈને ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. ભારતી હાલમાં માલવિયા નગર વિધાનસભાથી ધારાસભ્ય છે. તાજેતરની લોકસભા ચૂંટણીમાં પણ તેઓ આમ આદમી પાર્ટી વતી નવી દિલ્હીથી ઉમેદવાર હતા.

આતિશી દિલ્હી યુનિવર્સિટીના પ્રોફેસર વિજય કુમાર સિંહ અને ત્રિપતા વાહીની પુત્રી છે. દિલ્હીના નવા મુખ્યમંત્રીએ દિલ્હીની સ્પ્રિંગડેલ્સ સ્કૂલમાંથી અભ્યાસ કર્યો હતો. આતિશીએ દિલ્હીની સેન્ટ સ્ટીફન્સ કોલેજમાંથી ઈતિહાસનો અભ્યાસ કર્યો છે. આ પછી તેણે ઓક્સફોર્ડ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ડિગ્રી મેળવી હતી. છછઁ નેતા આતિશીને પણ શિષ્યવૃત્તિ મળી છે. આતિષીએ આંધ્રપ્રદેશની ઋષિ વેલી સ્કૂલમાં બાળકોને ભણાવ્યા હતા. થોડા સમય પછી, તે ભોપાલ ગઈ અને એક દ્દર્ટ સાથે કામ કરવા લાગી. આતિશી ૨૦૧૩માં આમ આદમી પાર્ટીમાં જોડાઈ હતી.

### ભાદરવાના તાપમાંથી મળશે રાહત

# ૨૨ સપ્ટેમ્બર સુધીમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટા પડશે

## બંગાળનો ઉપસાગર ૨૨ સપ્ટેમ્બરથી સક્રિય થવાથી ૨૭થી ૨૯ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતના કેટલાક ભાગોમાં ધીમી ધારે વરસાદ પડી શકેછે

અમદાવાદ, તા.૧૯

ચોમાસાની સિઝનના અંતમાં દેશના અમુક વિસ્તારોમાં વરસાદ સક્રિય છે, ત્યારે હવામાન નિષ્ણાત અંબાલાલ પટેલે ગુજરાતના કેટલાક ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા વ્યક્ત કરતાં જણાવ્યું છે કે, 'રાજ્યમાં હાલ ગરમી પડી રહી છે, ત્યારે ૨૨ સપ્ટેમ્બર સુધી છૂટાછવાયા સ્થળોએ વરસાદી ઝાપટા પડશે. જેમાં ઉત્તર ગુજરાત સહિત કેટલાક વિસ્તારોમાં વરસાદ પડી શકે છે.'અંબાલાલ પટેલે કહ્યું છે કે, 'બંગાળનો ઉપસાગર ૨૨ સપ્ટેમ્બરથી સક્રિય થવાથી ૨૭થી ૨૯ સપ્ટેમ્બર સુધીમાં ગુજરાતના કેટલાક ભાગોમાં ધીમી ધારે વરસાદ પડી શકે છે. જેમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, આણંદ સહિત દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં પણ વરસાદ થઈ શકે છે. જ્યારે ૨૮ સપ્ટેમ્બરે નવી વરસાદી સિસ્ટમ બનવાથી બંગાળમાં વાવાઝોડું સર્જાશે તો દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદ થઈ શકે છે. નવરાત્રીમાં પણ સિસ્ટમ બનવાથી વરસાદની શક્યતા છે. જેમાં સૌરાષ્ટ્ર સહિતના કેટલાક ભાગોમાં હળવાથી ભારે વરસાદ પડી શકે છે.'

'શરદ પૂનમ બાદ પણ વરસાદી ઝાપટા થઈ શકે છે. આ ઉપરાંત, અલ નીનોની અસરથી ૩ ડિસેમ્બર પછી ઠંડીની સિઝનની શરુઆત થઈ શકે છે, જેમાં ૨૨ ડિસેમ્બર સુધીમાં ઠંડીનું જોર વધતું જોવા મળશે.'

### દુશ્મન દેશને મદદ કર્યાનો ભારત પર આરોપ

# રશિયન પ્રમુખ વડાપ્રધાન મોદીથી અત્યંત નારાજ

## એક વર્ષથી શસ્ત્રો મોકલાઈ રહ્યા હોવાનો આરોપ

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુક્રેનની મુલાકાત લીધા બાદ ભારત યુક્રેન તરફ નરમ વલણ દર્શાવી રહ્યું હોવાનો અને ભારતીય શસ્ત્ર ઉત્પાદકો યુરોપને જે હથિયારો વેચી રહ્યા છે, તે આડકતરી રીતે યુક્રેનને મળી રહ્યા હોવાના દાવા સાથે ભારતનો મિત્ર દેશ રશિયા અત્યંત નારાજ થયુ હોવાના અહેવાલો મળ્યા છે. ઉલ્લેખનીય છે, આ અહેવાલો મળ્યા હોવા છતાં ભારતે આ પ્રકારનો વેપાર અટકાવવા કોઈ પગલાં ન લેતાં રશિયાના પ્રમુખ પુતિન વડાપ્રધાન મોદી પ્રત્યે નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. ભારતીય અને યુરોપીયન સરકાર અને સંરક્ષણ ઉદ્યોગના અધિકારીઓ સાથેની વાતચીતના આધારે તૈયાર કરેલા રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે, રશિયા સામે યુક્રેનની સંરક્ષણ પ્રણાલીને ટેકો આપવા માટે છેલ્લા એક વર્ષથી ભારતમાંથી શસ્ત્ર સરંજામ મોકલવામાં આવી રહ્યા છે.

ત્રણ ભારતીય અધિકારીઓએ જણાવ્યું હતું કે રશિયાએ ઓછામાં ઓછા બે વખત આ મુદ્દો ઉઠાવ્યો હતો. જુલાઈમાં, રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે આ મુદ્દો વિદેશ મંત્રી એસ. જયશંકર સમક્ષ આ મુદ્દે વાત કરી હતી. બીજી તરફ વિદેશ મંત્રાલયે યુક્રેનમાં હથિયારો પહોંચવા અંગેના તમામ અહેવાલોને ફગાવી દેતાં નિવેદન આપ્યું હતું કે, ભારતે ન તો યુક્રેનને તોપના ગોળા મોકલ્યા છે કે ન તો વેચ્યા છે.

ઉલ્લેખનીય છે, યુક્રેન દ્વારા ઉપયોગમાં લેવાતા દારૂગોળાનું અત્યંત નજીવુ ઉત્પાદન ભારત દ્વારા કરવામાં આવ્યું છે. એક અધિકારીનો અંદાજ છે કે ફેબ્રુઆરી ૨૦૨૨માં રશિયા સાથે યુદ્ધ શરૂ થયું ત્યારથી યુક્રેન દ્વારા આયાત કરાયેલા તમામ શસ્ત્રોના ઉત્પાદન ૧% કરતાં પણ ઓછા છે. જોકે, એ સ્પષ્ટ નથી થયું કે આ શસ્ત્રો યુરોપિયન દેશોએ યુક્રેનને દાનમાં આપ્યો છે કે વેચ્યો છે.

એક સ્પેનિશ અને વરિષ્ઠ ભારતીય અધિકારી તેમજ યંત્ર ઈન્ડિયાના ભૂતપૂર્વ ટોચના અધિકારીએ જણાવ્યું હતું કે યુક્રેનમાં ભારતીય શસ્ત્રો મોકલનારા યુરોપિયન દેશોમાં ઈટાલી અને ચેક રિપબ્લિકનો સમાવેશ થાય છે. યુરોપિયન યુનિયનના આ બે મોટા સભ્ય દેશો છે જે યુક્રેનને મોટા પ્રમાણમાં શસ્ત્રો મોકલી રહ્યા છે. યંત્ર ઈન્ડિયા એક સરકારી કંપની છે જેના હથિયારોનો ઉપયોગ યુક્રેનમાં થઈ રહ્યો છે. યંત્ર ઈન્ડિયા અને કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સે રશિયા-યુક્રેનના યુદ્ધની શરૂઆતની પહેલાં ઈટલી, ચેક રિપબ્લિક, સ્પેન અને સ્લોવેનિયામાં ૨૮ લાખ ડોલરના શસ્ત્ર સરંજામની નિકાસ કરી હતી. આ આંકડો ફેબ્રુઆરી, ૨૦૨૨થી જુલાઈ, ૨૦૨૪ દરમિયાન વધી ૧૩.૫૨૫ કરોડ ડોલર થયો છે.

### લાખો લોકોએ કર્યા દર્શન

# ઉમિયાધામમાં ધજા મહોત્સવ સંપન્ન, મંદિર પર ૧૧,૧૧૧થી વધુ ધજા ચઢી

ઊંઝા, તા.૧૯

ઊંઝા ઉમિયાધામ ખાતે શરૂ કરાયેલો ધજા મહોત્સવ શાંતિપૂર્ણ અને ઉત્સાહપૂર્વક સંપન્ન થયો છે. ૧૬ લાખથી વધુ ભક્તોએ મા ઉમિયાના દર્શનનો લ્હાવો લીધો હતો. ભક્તોએ માના શિખર પર ૧૧ હજાર ૧૧૧થી વધુ ધજા અર્પણ કરીને પ્રાર્થના કરી છે. આ મહોત્સવ દરમિયાન 'જય જય ઉમિયા'ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું હતું. માના એક દર્શન માત્ર માટે લાખો ભક્તોની કતાર લાગી હતી. મહત્વનું છે કે ૧૨થી ૧૮ સપ્ટેમ્બર સુધી આયોજિત ધજા મહોત્સવમાં ભક્તોએ લાખોનું દાન પણ કર્યું હતુ. જેથી મંદિરના ગોલખ ભરાઈ ગયા હતા.ઉલ્લેખનીય છે કે જગત જનની માં ઉમિયાના નિજ મંદિરના ૧૮૬૮ વર્ષની ઉજવણીના ભાગરૂપે માતૃ સંસ્થા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા ધજા મહોત્સવ યોજાયો હતો. જેમાં ન માત્ર ગુજરાત પરંતુ દેશભરમાંથી માના ભક્તો ઉપસ્થિત રહ્યા હતા.

### જુનાગઢ ભાજપમાં હાલ રાજકીય ઘમાસાણ

# જૂનાગઢના ૩૫ ગામના સરપંચે આપ્યું સામૂહિક રાજીનામું

## સરપંચોએ આરોપ છે કે વહીવટી પ્રક્રિયા સરળ રાખવાના બદલે મુશ્કેલ બનાવી દેવાના કારણે ઘણા કામો ખોરવાયા છે

જૂનાગઢ,તા.૧૯

જુનાગઢ ભાજપમાં હાલ રાજકીય ઘમાસાણ ચાલી રહ્યું છે, એવામાં હવે મળતા સમાચાર મુજબ જુનાગઢ તાલુકાના ૩૫ ગામોના સરપંચોએ એક સાથે રાજીનામા આપી દીધા છે. રાજીનામા આપવા પાછળ એક નહીં પણ ઘણા કારણો છે. વહીવટી તંત્ર અને સરપંચો વચ્ચે વિવાદ થયાની ચર્ચા થઈ રહી છે. ત્યારે વિવિધ વિકાસ કામો નહીં થતા હોવાથી સરપંચોના રાજીનામું આપ્યુ છે. સરપંચોએ આરોપ લગાવ્યા છે કે વહીવટી પ્રક્રિયા સરળ રાખવાના બદલે મુશ્કેલ બનાવી દેવાના કારણે ઘણા કામો ખોરવાઈ ગયા છે અને વિકાસના કામો અટકી પડ્યા છે. વહીવટી તંત્ર અને સરપંચો વચ્ચે વિવાદ ચાલી રહ્યો છે. ત્યારે વિવિધ વિકાસ કામો નહીં થતા હોવાથી સરપંચોના રાજીનામું આપ્યુ છે. જૂનાગઢ તાલુકાના ૫૭ ગામોનો અધિકારીઓની અણઆવડતના લીધે વિકાસ રૂંધાતો હોવાના આક્ષેપ સાથે તાલુકા વિકાસ કચેરીમાં બેઠક બોલાવવામાં આવી હતી. જેમાં ખુદ અધિકારી જ ગેરહાજર રહેતા હોબાળો મચ્યો હતો અને એકસાથે ૩૫ જેટલા સરપંચોએ સામુહિક રાજીનામાં આપી દેતા ચકચાર મચી જવા પામી છે. બેઠક બોલાવીને TDO હાજર નહીં રહેતા સરપંચોમાં રોષ જોવા મળ્યો છે.

૩૫ જેટલા સરપંચોએ જૂનાગઢ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષને રાજીનામા મોકલી આપ્યા છે. હવે એ જોવાનુ રહેશે કે સરપંચોના રાજીનામા અંગે શું નિર્ણય લેવામાં આવશે. ગ્રામ પંચાયતના વહીવટી કામોમાં GST સહિતના અનેક મુદ્દે ઘણા સમયથી વિવાદ ચાલે છે. સરપંચોએ આક્ષેપ કર્યા છે વહીવટી પ્રક્રિયા સરળને બદલે કઠિન કરી દેતા અનેક કામ ટલ્લે ચડી ગયા છે અને વિકાસના કામો નથી થઈ રહ્યા. સરપંચોએ એ પણ આક્ષેપ કર્યો કે ગૌચરની જમીન ખાલી કરાવવા દબાણ કરવામાં આવે છે, પરંતુ હદ-નિશાન ન હોવાથી મુશ્કેલી સર્જાઈ રહી છે. છેલ્લા ઘણા સમયથી GST સહિતના અનેક મુદ્દે વિવાદ ચાલે છે.સરપંચ યુનિયન જણાવ્યુ છે કે ગૌચરની જમીન ખાલી કરાવવા દબાણ કરાયુ હતુ. આ ઉપરાંત યુનિયને જણાવ્યુ હતુ કે, હદ નિશાન નહીં હોવાથી મુશ્કેલી સર્જાય છે. સરપંચોએ તાલુકા પંચાયતના કારોબારી અધ્યક્ષને રાજીનામાં સોંપ્યા છે. જો કે આ રાજીનામાં અંગે શું નિર્ણય લેવામાં આવશે તેના પર નજર રાખવામાં આવી રહી છે.

# ઉના પંથકમાં ૩૧ ઓક્ટોબર સુધી સ્વચ્છતા અભિયાનનો થયો પ્રારંભ








તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતનાં સ્વપ્નને સાકાર કરવા માટે સમગ્ર ગુજરાત રાજયની સાથે ઉના તાલુકામાં પણ સ્વચ્છતા હી સેવા–૨૦૨૪ કાર્યક્રમ અંતર્ગત સ્વભાવ સ્વચ્છતા–સંસ્કાર સ્વચ્છતાના સૂત્ર સાથે ઉના શહેરમાં ૧૭મી સપ્ટેમ્બરથી આગામી તા. ૩૧ ઓકટોબર સુધી સ્વચ્છતા હી સેવા કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યો છે. આ સ્વચ્છતા હી સેવા કાર્યક્રમનો શુભારંભ ઉનાના એસ.ટી. બસ સ્ટેશન ખાતેથી શરૂ કરવામાં આવ્યો હતો જે બાદ યોગા કેન્દ્ર, સોસાયટી વિસ્તારો ખાતે તેમજ ગીર ગઢડા બસ સ્ટેશન અને ગીર ગઢડા તાલુકા ખાતેના વિવિધ વિસ્તારમાં પણ ખાસ સ્વચ્છતા ઝુંબેશ યોજવામાં આવશે. "સ્વચ્છ ભારત દિવસ"ની ઉજવણીના ભાગરૂપે ઉના નગરપાલિકા ધ્વારા સ્વચ્છતા હી સેવા પખવાડિયા અંતર્ગત સફાઈ કાર્યક્રમનો શુભારંભ તા. ૧૭મી સપ્ટેમ્બરનાં રોજ ઉના બસ સ્ટેશન ખાતેથી કરવામાં આવ્યો છે. ઉના નગરપાલિકા ધ્વારા આયોજીત આ કાર્યક્રમમાં શ્રેષ્ઠ સફાઈ કર્મચારીનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરવામાં આવશે. આ સ્વચ્છતા અભિયાન અંતર્ગત મહા સ્વચ્છતા અભિયાન યોજાશે. જેમાં સફાઈ મિત્રોની મહેનત અને યોગદાનને પુરસ્કાર આપવામાં આવશે અને સંપૂર્ણ સ્વચ્છતા માટે નવી પ્રતિબધતા દર્શાવવામાં આવશે જેથી ઉના અને ગીર ગઢડા શહેર સ્વચ્છ અને આરોગ્યમય બની રહે. આ સ્વચ્છતા અભિયાન અંતર્ગત યોજાયેલ કાર્યક્રમમાં ઉનાનાં ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ, નગરપાલિકા પ્રમુખ પરેશ બાંભણિયા, ચીફ ઓફિસર જયદીપ ચૌહાણ, એસ.ટી. ડેપો મેનેજર એલ.ડી. રાઠોડ, અમરેલી એસ.ટી. વિભાગનાં વહીવટી અધિકારી એસ.એસ. અંસારી તેમજ ઉના કન્યા શાળા, એચ.એમ.વી. કોલેજની વિદ્યાર્થીનીઓ અને શિક્ષકો સહિતનાઓ રહ્યા હતા અને ૮૦થી વધુ વિદ્યાર્થીનીઓ અન. અધિકારીઓને ઉના એસ.ટી. ડેપો મેનેજર એલ.ડી. રાઠોડે સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા.

પાના ૧ ઉપરનું ચાલું
## બગસરાનાં નવા વાઘણીયા ગામે

ગયેલ હતો.

હાલમાં ચાલી રહેલ ખેતીની સિઝન દરમિયાન ખેડૂતો પોતાની વાડીએ જતા આવતા હોય છે ત્યારે આવા બનાવો છાશવારે જોવા મળી રહ્યા છે. ત્યારે બગસરા પંથકના ખેડૂતોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

જયારે સિંહો જંગલ વિસ્તારો છોડીને રેવન્યુ વિસ્તારોમાં આવી ચડતા આવી ઘટના વારંવાર બનતી હોય છે. ત્યારે બગસરા પંથકના ખેડૂતો દ્વારા વન વિભાગને નમ્ર અપીલ કરી કહેવામાં આવેલ છે કે આ તમામ સિંહોને ફરી રેવન્યુ વિસ્તારમાં મૂકવામાં આવે તો અહીંના ખેડૂતો શાંતિથી અને ભયમુકત રીતે ખેતરોમાં જઈને પોતાની ખેતી કરી શકે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં ''રાજમહેલ'' નાં રીનોવેશનનો

નાયબ દંડક કૌશિક વેકરિયા અને પૂર્વમંત્રી બાવકુભાઈ ઉંઘાડની રજૂઆત બાદ રાજય સરકારે ''રાજમહેલ''નું રીનોવેશન કરવાનો નિર્ણય કર્યો.

જેમાં લાયબ્રેરી, મ્યુઝીયમ, રેસ્ટોરન્ટ જેવી સુવિધા ''રાજમહેલ''ની પુરાણી ઓળખ સાથે વધારીને પ્રવાસીઓ માટે ખુલ્લો મુકવામાં આવશે અને આગામી ૨ થી ૩ વર્ષમાં ''રાજમહેલ'' પુનઃ પોતાની ઓળખ મેળવશે તેવો પ્રયાસ શરૂ થયો છે.

મુખ્યમંત્રી આવતીકાલ ''રીનોવેશન''નો પ્રારંભ કરવાનાં હોય આજે નાયબ દંડક, સાંસદ, કલેકટર સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓએ સ્થળ પરીક્ષણ કર્યુ હતું.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલીનાં સુપ્રસિધ્ધ નાગનાથ મંદિરે

ટ્રસ્ટીઓનાં અભાવે મંદિરમાં નિયમિત અને યોગ્ય રીતે સફાઈ કાર્ય થતું નથી. મંદિરનાં મુખ્ય પ્રવેશદ્વાર ઉપર નાગનાથ મંદિરનું કોઈ બોર્ડ લાગેલ નથી. પ્રવેશદ્વારને પણ કલર લગાવાયો નથી તેમજ પ્રવેશદ્વારનાં અનેક દાતાઓનાં નામની તકતી લગાવવામાં આવી નથી. મંદિરની બહાર દબાણ કરીને ભીક્ષાવૃત્તિ કરનારને દૂર કરાતા નથી અને મંદિર પરિસરમાં આડેધડ ચંપલ ઉતારવા, બિનજરૂરી ઘોંઘાટ ન કરવા કે મોબાઈલ ઉપયોગ કરવા પર પ્રતિબંધ ન હોવાથી મંદિરમાં આવતાં અને મંદિરની અંદર આવીને ભીક્ષાવૃત્તિની પ્રવૃત્તિ થતી જોવા મળે છે.

આમ નાની–મોટી અનેક પરેશાની શિવભકતો ભોગવી રહ્યા હોય મુખ્યમંત્રીએ નવા ટ્રસ્ટીઓની નિમણૂંક કરી જેમાં નિયમિત મંદિરે દર્શનાર્થે આવતાં શિવભકતોની નિમણૂંક થાય અને મંદિર પરિસરમાં પુરતા પ્રમાણમાં સિકયુરીટી, સ્વચ્છતા સહિતની ઘટતી તમામ સુવિધાઓ શરૂ થાય મંદિરની આમન્યા જળવાઈ રહે તે પ્રકાશની કામગીરી થાય તેવી આશા શિવભકતો

## અવસાન નોંધ

**અમરેલી :** અમરેલી નાગરિક સહકારી બેંકનાં ડિરેકટર તથા અમરેલી કાઠિ ક્ષત્રિય અગ્રણી જનકભાઈ વિંછીયાનાં ધર્મ પત્નિનું તા. ૧૮/૯/૨૪, બુધવારનાં રોજ અવસાન થયેલ છે.

**અમરેલી :** અમરેલી નિવાસી હંસાબેન રતિલાલ વ્યાસ (ઉ.વ. ૭૮) તે કૃષ્ણકાંતભાઈનાં માતુશ્રી, કાશ્મમીરાબેનનાં સાસુ તથા ડો. મૈત્રીક તથા ડો. નૈમિશનાં દાદીમાનું તા. ૧૮ને બુધવારનાં રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦ને શુક્રવારનાં રોજ સાંજે ૪ થી ૬–૩૦ સુધી શશાંક મહાજન પાર્ટી પ્લોટ, રેલ્વે સ્ટેશન પાસે, અમરેલી ખાતે રાખેલ છે.

## સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાને લઈને
# અમરેલીમાં આવતીકાલે રાજયપાલ આચાર્ય દેવવ્રતજીનું આગમન
### દિલીપ સંઘાણીનાં માર્ગદર્શનતળે તડામાર તૈયારીઓ

અમરેલી, તા. ૧૯

અમરેલી ખાતે આગામી તા. ૨૧ સપ્ટેમ્બરના રોજ રાજયપાલ આચાર્ય દેવવ્રતજી પધારી રહેલ છે જેઓ જીલ્લાની સહકારી સંસ્થાઓની સંયુકત વાર્ષિક સાધારણ સભામાં ઉપસ્થિત રહેલ.

જીલ્લાની સહકારી સંસ્થાઓની સાધારણ સભા તેમજ એકમંચ પર મળશે જેમાં રાજયપાલ અધ્યક્ષસ્થાન શોભાવશે. તા. ૨૧/૯/૨૪, શનિવારના રોજ સવારના ૧૦–૦૦ કલાકે અમરદાણ ફેકટરી સામે, સેન્ટર ઓફ એકસેલંન્સ (ઈટી/આઈવીએફ) લેબ, ધારી રોડ, અમરેલી ખાતે યોજાશે.





જેમાં તમામ સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભાની કામગીરી હાથ ધરવામાં આવશે. દિલીપભાઈ સંઘાણીના માર્ગદર્શનતળે અશ્વિનભા સાવલીયા, મુકેશભાઈ સંઘાણી, ડો.આર.એસ. પટેલ, અરૂણભાઈ પટેલ, બી.એસ.કોઠીયા, જયંતિભાઈ પાનસુરીયા, મનિષભાઈ સંઘાણી, ભાર્ગવભાઈ ત્રિવેદી સહિત ટીમ સહકાર સમગ્ર કાર્યક્રમને આખરી ઓપ આપી રહેલ છે. તેમ યાદીમાં જણાવાયેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## લાઠીનાં સરકારી પીપળવા ગામે

વંદનાબેન હકાભાઈ નાગલા તથા રીંકલબેન ભાવીનભાઈ નાગલા બોલાચાલી કરતા હોય અને યુવકના પત્નિને જેમ ફાવે તેમ ગાળો આપતા હોય. જેથી યુવકે પોતાની પત્નિને સમજાવી ઘરે લઈ જતા હતા. તે દરમ્યાન આરોપી ભાવીન હકાભાઈ નાગલાએ આવી યુવક સાથે ઝપાઝપી કરી પછાડી દઈ મુંઢ ઈજાઓ કરી યુવકનું ટી–શર્ટ પકડી ઢસડી જમણા પગના ગોઠણે ઈજા કરી તથા માથાના ભાગે લાકડાની વાંસાની પટ્ટીનો એક ઘા મારી ગંભીર ઈજા કરી યુવકને તેમજ તેમની પત્નિને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## ધારીમાં વહીવટીતંત્ર દ્વારા

આવેલ છે.

ધારી વહીવટી તંત્ર દ્વારા ડિમોલેશનની કામગીરી હાથ ધરવામાં આવી હતી જે કામગીરી ખરેખર સરહનીય છે પરંતુ મૂંગા પશુઓ માટે લોક ફાળો કરી બનાવેલ ગાયનો ગોદરો તોડી નાખવામાં આવેલ છે ગાયો માટે એક ષઆશરો હતો પણ હવે ગોંદ્રાનો છાંયો મેળવવા માટે મૂંગા પશુ વલખા મારી રહ્યા છે ગોંદ્રાની બાજુ આવેલ વડલાનું વૃક્ષ ને પણ ઉખાડી નાખતા ગાયો છાયો ગોતતી હોય એ પણ રહેદારીઓને નજરે પડી રહ્યું છે પણ ગામ લોકો તંત્ર પાસે લાચાર છે ધારીની આમ જનતા ગોંદ્રા માટેની લોક ચર્ચા મુજબ વહીવટી તંત્રનું આ કામ અશોભનીય છે. ત્યારે જોવાનું રહ્યું કે હવે મૂંગા અને લાચાર પશુઓની વાહરે કોણ આવે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં માર્ગ–મકાન વિભાગે

નેઢાળ મળ્યો હોય તેમ મુખ્યમંત્રી જે માર્ગેથી પસાર થવાનાં છે તે તમામ માર્ગોની રાતોરાત અને ગણતરીની કલાકો સુધી ચાલે તેવી મરામત કરીને જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો ધુમાડો ખુલ્લેઆમ કરવામાં આવી રહ્યો છે.

માર્ગ–મકાન વિભાગ માર્ગ મરામત પાછળ સાચા–ખોટા બિલ બનાવીને મસમોટી રકમ ઘાલમેલ કરશે તેવું જનતાજનાર્દન ખુલ્લેઆમ માની રહી છે.

માર્ગ–મકાન વિભાગ દ્વારા રાતોરાત થતી માર્ગોની મરામત રાતોરાત પણ ખુલ્લી પડી જશે. કારણ કે માર્ગની મરામત જે રીતે થઈ રહી છે તે જોતા જનતા આક્રોશ વ્યકત કરી રહી છે.

## રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનાં વરદ હસ્તે
# અમરેલી જીલ્લામાં આજે રૂપિયા ૨૯૨ કરોડનાં ૭૭ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાર્પણ અને ખાતમુર્હુત
### જીલ્લાનાં સાસંદ અને ધારાસભ્યો પણ ઉપસ્થિત રહેશે


અમરેલી, તા. ૧૯

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તા. ૨૦ સપ્ટેમ્બર, ૨૪ને શુક્રવારના રોજ અમરેલી જીલ્લાની મુલાકાતે પધારશે. અમરેલી જીલ્લાને વિવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ મળશે.

અમરેલી એસ.ટી. બસ સ્ટેશન ખાતે નવીન અદ્યતન સુવિદ્યાસભર બસપોર્ટનું લોકાપર્ણ, સ્પોર્ટસ કોમ્પલેકસ અને રાજમહેલ નવીનીકરણના ખાતમુર્હૂતનો ત્રિવિધ કાર્યક્રમ યોજાશે. જીલ્લામાં રાજયના વિવિધ વિભાગના રૂા. ૨૯૨ કરોડના ૭૭ વિવિધ વિકાસલક્ષી પ્રકલ્પોનાં લોકાપર્ણ–ખાતમુર્હૂત થશે.

સાંસદ ભરતભાઈ સુતરીયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક અને અમરેલી–કુંકાવાવ–વડિયા વિસ્તારના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરિયા, ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, હીરાભાઈ સોલંકી, જે.વી. કાકડીયા અને જનકભાઈ તળાવિયા, પદાધિકારીઓ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

અમરેલી શહેર ખાતે રૂા. ૪૨.૪૮ કરોડના ખર્ચે તૈયાર થયેલ સુવિધાસભર નવીન બસપોર્ટનું લોકાપર્ણ થશે. જીલ્લામાં રમતગમતને વધુમાં વધુ પ્રોત્સાહન મળે સાથે વિવિધ સ્પોર્ટસ માટેની ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે લાલાવદર મુકામે રૂા. ૧૩.૬૪ કરોડનાં ખર્ચે ભવિષ્યમાં નવનિર્મિત થનાર સ્પોર્ટસ કોમ્પલેકસનું ખાતમુર્હૂત થશે. અમરેલી શહેરના ઐતિહાસિક ગાયકવાડી સ્થાપત્યનો નમૂનો અને શહેરની શાન ગણાતા એવા રાજમહેલનું રૂા. ૨૪.૯૮ કરોડના ખર્ચે



નવીનીકરણ થશે, આ કામગીરીનું ખાતમુહૂર્ત પ્રારંભ મુખ્યમંત્રીના હસ્તે થશે.

શહેરી વિકાસ વિભાગના રૂા. ૯૦.૨૮ કરોડના ખર્ચે ૧૨ કામો, માર્ગ અને મકાન વિભાગના રૂા. ૪૫.૮૧ કરોડના વિવિધ ૧૩ કામો, રૂા. ૨૯.૮૫ કરોડના ખર્ચે ગૃહ વિભાગના ૫ કામો રૂા. ૨૭.૨૧ કરોડના ખર્ચે ઊર્જા વિભાગના ૩ કામો, રાજયના વિવિધ વિભાગનો ૬૦.૮૬ કરોડના ૪૧ કામો સહિત રૂા. ૨૯૨ કરોડના વિવિધ વિકાસલક્ષી ૭૭ પ્રકલ્પોનું રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના વરદહસ્તે લોકાર્પણ અને ખાતમુર્હૂત થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા સાવરકુંડલા બાયપાસ રસ્તા પર પ્રસ્તાવિત રેલ્વે ઓવરબ્રિજનું ખાતમુર્હૂત અને લીલીયા ગ્રામ પંચાયત કચેરીના જેટીંગ મશીન તથા સાવરકુંડલા તાલુકાના ત્રણ ૬૬ કે.વી. સબ સ્ટેશનનું લોકાર્પણ થશે.

અમરેલી ખાતે ગાયકવાડી શાસનમાં નિર્માણ થયેલ ભવ્ય નાગનાથ મંદિરના દર્શન કરી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ધન્યતા અનુભવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ રાજુલા સ્થિત તિરંગા ચોક ખાતે ફલેગ હોસ્ટિંગ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ધારી ખાતે નવનિર્મિત ડીવાયએસપી કચેરી, પોલીસ સ્ટેશન ધારી અને ખાંભા પોલીસ કવાર્ટરનું લોકાર્પણ કરશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અમરેલી જિલ્લાની આગવી ઓળખ એવાં આંબરડી સફારી પાર્કની અને અમરેલીના મોડેલ વિલેજ તરીકે ખ્યાતિ ધરાવતાં દેવરાજીયા ગામની પણ મુલાકાત લેશે.


## જાહેર નોટિસ

આથી જાહેર જનતા તથા લાગતા વળગતાને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાનાં બાબરા તાલુકાનાં મોજે ગામ ઉટવડની ખેતીની જૂની શરતની જમીન નીચેની વિગતે આવેલ છે.

| માલીકનું નામ | ખાતા નંબર | સર્વે નંબર | હે.આરે.ચો.મી | આકાર |
|---|---|---|---|---|
| અશોકભાઈ રવજીભાઈ કોદાળા, વિ. ૬ | ૧૩૬૪ | ૧૩૩૨ જુનો સર્વે નં.૩૯૪ પૈકી ૫ | ૧–૯૮–૧૮ | ૧૫.૯૫ |

સદરહુ જમીન ઉપરોકત વિગતે શ્રી અશોકભાઈ રવજીભાઈ કોદાળા, વિ. ૬ ની સંયુકત માલિકી, કબજા અને ભોગવટાની આવેલ છે. સદરહું જમીન સદરહું માલિકને દસ્તાવેજથી ખરીદ કરેલ હતી. જે સદરહું જમીન મારા અસીલે ખરીદ કરવાનું નક્કી કરેલ છે.

સબબ આ નોટિસ પ્રસિધ્ધ થયે દિવસ–૧૦ (દસ)માં સદરહું જમીન પ્રત્યે જે કોઈનો ગીરો, બોજો, લિયન વારસાઈ હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, બક્ષિસ, વેંચાણ, સાટાખત, હક્ક અધિકાર, ભરણ–પોષણનો હક્ક, અધિકાર વિગેરે હોય તો લેખિત આધાર પુરાવા સાથે અમોને જાણ કરશો. અગર જો નોટિસ સમય દરમ્યાન કોઈનો કોઈપણ જાતનો વાંધો તકરાર આવશે નહી તો જે કોઈનો હક્ક, હિત, હિસ્સો હશે તે જતો (WAIVE) કરેલ છે. તેમ માની મારા અસીલ શુધ્ધ બુદ્ધિના ખરીદનાર તરીકે વ્યવહારની આગળની કાર્યવાહી કરશે. ત્યારબાદ આવેલ વાંધોઓ મારા અસીલને બંધન કર્તા રહેશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી.

તારીખ :– ૧૯/૦૯/૨૦૨૪
ઓફીસ, મામલતદાર ઓફીસ સામે મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા.
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)


## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ નવો | ૧૪૬૦ | ૧૪૬૦ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૦૫૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૩૮ | ૧૦૮૦ |
| ૨ | શિંગ મોટી | ૮૦૫ | ૧૧૩૪ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૦૦ | ૧૨૮૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૭૫ | ૨૮૭૫ |
| ૫ | તલ કાળા | ૨૫૨૨ | ૩૮૦૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૨૫૦ | ૩૪૨૭ |
| ૭ | બાજરો | ૩૫૦ | ૫૨૮ |
| ૮ | જુવાર | ૪૫૭ | ૫૦૯ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૫૫ | ૫૯૯ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૧ | ૫૭૬ |
| ૧૧ | મગ | ૬૦૦ | ૧૨૦૦ |
| ૧૨ | અડદ | ૯૦૦ | ૧૫૩૦ |
| ૧૩ | ચણા | ૧૧૧૦ | ૧૫૫૧ |
| ૧૪ | કપાસ | ૯૫૦ | ૧૬૭૦ |
| ૧૫ | એરંડા | ૯૨૫ | ૧૨૦૮ |
| ૧૬ | જીરૂ | ૪૩૮૦ | ૪૭૭૦ |
| ૧૭ | ધાણા | ૯૧૫ | ૧૩૫૦ |
| ૧૮ | મેથી | ૯૫૫ | ૧૧૦૮ |
| ૧૯ | સોયાબીન | ૭૦૦ | ૮૮૧ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૪ | ૧૫૮૦ |
| ૨ | ઘઉં | ૪૯૧ | ૫૪૯ |
| ૩ | બાજરો | ૩૬૪ | ૪૪૦ |
| ૪ | મગ | ૧૫૫૦ | ૧૫૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૫૧ | ૧૧૧૫ |
| ૨ | શીંગ નવી | ૭૫૧ | ૧૦૩૫ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૭૦૪ |
| ૪ | તલ કાળા | ૨૮૨૫ | ૩૫૦૧ |
| ૫ | જીરૂ | ૩૯૦૦ | ૪૭૦૦ |
| ૬ | કપાસ | ૧૨૫૧ | ૧૬૭૧ |
| ૭ | ઘઉં લોકવન | ૫૨૩ | ૬૧૧ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૩૧ | ૬૦૬ |
| ૯ | બાજરો | ૩૮૯ | ૫૩૪ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૭૧૭ |
| ૧૧ | મકાઈ | ૫૦૯ | ૬૦૧ |
| ૧૨ | મગ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૧૩ | અડદ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ૧૪ | ચણા | ૧૨૧૨ | ૧૪૧૫ |
| ૧૫ | એરંડી | ૧૧૬૪ | – |
| ૧૬ | ધાણા | ૧૦૯૯ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૬૯૦ |
| ૨ | તલ સફેદ | ૨૨૬૦ | ૨૫૯૦ |
| ૩ | મગ | ૧૪૩૦ | ૧૬૭૦ |
| ૪ | અડદ | ૧૨૪૦ | ૧૩૯૦ |
| ૫ | જીરૂ | ૪૦૩૯ | ૪૭૧૧ |
| ૬ | ઘઉં | ૫૧૪ | ૫૬૬ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૫૪૫ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૦ | ૫૬૯ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૨૭ |
| ૪ | બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૬ | ચણા | ૧૨૦૦ | ૧૨૯૫ |
| ૭ | મગ | ૧૩૦૫ | ૧૩૦૫ |
| ૮ | અડદ | ૧૧૫૦ | ૧૧૫૦ |
| ૯ | સોયાબીન | ૮૧૧ | ૮૮૦ |
| ૧૦ | ધાણા | ૧૦૧૫ | ૧૨૦૧ |
| ૧૧ | તલ સફેદ | ૨૩૭૫ | ૨૪૯૫ |
| ૧૨ | એરંડી | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૧૩ | મગફળી | ૫૨૫ | ૬૫૧ |
| ૧૪ | ચણા છોલે | ૨૪૦૫ | ૨૪૦૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૩૪૧ | ૨૬૭૦ |
| ૨ | કપાસ | ૧૧૫૦ | ૧૬૨૫ |
| ૩ | બાજરો | ૪૫૧ | ૫૨૮ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૮૫ | ૬૨૭ |
| ૫ | જુવાર | ૪૭૦ | ૮૫૧ |
| ૬ | મકાઈ | ૪૦૭ | ૫૦૧ |
| ૭ | અડદ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૮ | તુવેર | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ૯ | ચણા | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૧૦ | જીરૂ | ૨૦૦૦ | ૪૩૦૧ |
| ૧૧ | શીંગદાણા | ૧૪૪૦ | ૧૪૪૦ |
| ૧૨ | રાય | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૧૩ | સોયાબીન | ૮૫૫ | ૮૫૫ |

## એપ્રિલ-૧૯ થી જુન-૧૯ સુધીમાં બનેલ ઘટનાની ફરિયાદ જે તે સમયએ નોંધાયેલ હતી

# અમરેલીમાં તરૂણી સાથે દુષ્કર્મ કરનાર પાંચ આરોપીઓને આજીવન કેદ

### અત્રેની સ્પે.પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં સ્પે.સરકારી વકીલ યુ.આર.દવેની દલીલો સફળ રહી

### તમામ પાંચેય આરોપીઓને આજીવન કેદની સજા અને ૩૦ હજારનો દંડ

### સગીરા અને મહિલાઓ સાથે અત્યાચાર કરનાર શખ્સોમાં ફફડાટ ફેલાયો

### ભોગ બનનાર તરૂણીને પરેશાન કરવામાં કોઈ કસર આરોપીએ છોડી ન હતી

અમરેલી, તા. ૧૯

અમરેલીમાં રહેતી એક તરૂણીનું પાંચ જેટલાં શખ્સોએ આશરે પાંચ વર્ષ પહેલાં તરૂણીનો અપરિપકતાનો લાભ લેવા તેણીને ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી અવાર નવાર પીછો કરી ઠેબી નદીના કાંઠે તથા તરૂણીના ઘરે તરૂણીની ઈચ્છા વિરૂધ્ધ આરોપીએ પોતાની કામવાસના સંતોષી અને તરૂણી ઉપર સામુહિક બળાત્કાર કરી દોઢ માસનો ગર્ભ રાખી દઈ તથા સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરી તથા એક આરોપીએ પોતાનો તથા તરૂણીનો અશ્લીલ વીડિયો કિલપ ઉતારી તથા ફોટા પણ પાડી લીધા હતાં. આ ચકચારી બનાવ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી આરોપીની અટકાયત કરી હતી. આ અંગેનો કેસ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સ્પે. સરકારી વકીલની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી પાંચેય આરોપીને આજીવન કારાવાસ (કુદરતી જિંદગી સુધી) તથા રૂપિયા ૩૦ હજારના દંડની સજાનો હુકમ કરતાં સનસનાટી મચી જવા પામેલ છે.

આ ચકચારી બનાવમાં અમરેલીમાં રહેતી એક તરૂણીનું અમરેલીના મોટાકસ્બાવાડમાં રહેતા અને જુના મોબાઈલ ફોન લે વેચનો ધંધો કરતાં આરોપી ઈમરાન ઉર્ફે ઈમુ હનીફસૈયદ કાદરી તે (કિશન ચંદુભાઈ સોલંકી) તથા અમરેલીના જૈન દેરાસર પાસે રહેતા આરોપી રીક્ષા ચાલક યાહીયા ઉર્ફે આયન યુનુસભાઈ લુલાણીયા, જૈન દેરાસર પાસે રહેતા આરોપી જાવેદ ઉર્ફે જીવલો મજીદભાઈ પઠાણ, (ખલીફા), અમરેલીના જૈન દેરાસર પાસે રહેતા આરોપી અસગર સબીરભાઈ મજેઠીયા (ખલીફા) તથા અમરેલીના કસ્બાવાડમાં રહેતા અને મુળ સુરેન્દ્રનગરના વતની અરબાઝ ઉર્ફે અબુ દિલાવરભાઈ હુસેનભાઈ ભટ્ટી સહિત પાંચ જેટલાં શખ્સોએ આશરે પાંચ વર્ષ પહેલાં ગત તા. ૧/૪/૧૯થી તા. ૨૦/૬/૧૯ સુધીના સમયગાળા દરમિયાન અમરેલીમાં રહેતી એક ૧૪ વર્ષ, ૧ માસની ઉંમર ધરાવતી એક તરૂણીનો અપરિપકતાનો લાભ લેવા તેણીને ગાળો આપી તથા જાનથી મારી નાખવાની ધમકી આપી અવાર નવાર પીછો કરી ઠેબી નદીના કાંઠે તથા તરૂણીના ઘરે તરૂણીની ઈચ્છા વિરૂધ્ધ આરોપી ઈમરાન, યાહીયા ઉર્ફે આયન, જાવેદ ઉર્ફે જીવલો તથા અરબાઝ ઉર્ફે અબુ નામનાં આરોપીઓએ પોતાની કામવાસના સંતોષી અને તરૂણી ઉપર સામુહિક બળાત્કાર કરી દોઢ માસનો ગર્ભ રાખી દઈ તથા સૃષ્ટિ વિરૂધ્ધનું કૃત્ય કરેલ હતું તથા આરોપી અસગરે પોતાનો તથા તરૂણીનો અશ્લીલ વીડિયો કિલપ ઉતારી તથા ફોટા પાડી લીધા હતાં. આ ચકચારી બનાવ અંગે જે તે સમયે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે તપાસ હાથ ધરી આરોપીની અટકાયત કરી હતી.

આ અંગેનો કેસ અત્રેની સ્પે. પોકસો કોર્ટમાં ચાલી જતાં સ્પે. સરકારી વકીલ યુ.આર. દવેની ધારદાર દલીલોને કોર્ટે માન્ય રાખી સ્પે. જજ ડી.એસ. શ્રીવાસ્તવ દ્વારા પાંચેય આરોપીને કસુરવાર ઠરાવી આજીવન કારાવાસ (કુદરતી જિંદગી સુધી) તથા રૂપિયા ૩૦ હજારના દંડની સજાનો હુકમ કરતાં સનસનાટી મચી જવા પામેલ છે.

---

### પાકિસ્તાનના રક્ષામંત્રીએ કર્યું વિવાદીત નિવેદન

## પાકિસ્તાન કલમ ૩૭૦ અને 35A પર નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધનના સ્ટેન્ડ સાથે સહમત

### કોંગ્રેસ હંમેશા રાષ્ટ્ર વિરોધીઓની સાથે જ રહી : BJP

નવી દિલ્હી, તા. ૧૯

પાકિસ્તાનના રક્ષા મંત્રી ખ્વાજા આસિફે, મોદી સરકાર સામે ઝેર ઓક્યું છે. તેમણે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવવા પર મોટું નિવેદન આપ્યું છે. ખ્વાજાએ કહ્યું છે કે પાકિસ્તાન કલમ ૩૭૦ અને ૩૫એ પર નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધનના સ્ટેન્ડ સાથે સહમત છે. તેમણે કહ્યું કે પાકિસ્તાન સરકાર પણ, ઓમર અબ્દુલ્લા-કોંગ્રેસ ગઠબંધનની જેમ કાશ્મીરમાં કલમ ૩૭૦ની પુનઃસ્થાપના ઈચ્છે છે.

ખ્વાજા આસિફના આ નિવેદન બાદ ભાજપે કોંગ્રેસ પર પ્રહારો કર્યા છે. બીજેપી આઈટી સેલના વડા અમિત માલવિયાએ કહ્યું છે કે, કોંગ્રેસ હંમેશા રાષ્ટ્ર વિરોધીઓની સાથે જ રહી છે. પાકિસ્તાન કલમ ૩૭૦ પર કોંગ્રેસ-નૃઝના સ્ટેન્ડનું સમર્થન કરી રહ્યું છે. માલવિયાએ કહ્યું કે, પન્નુથી લઈને પાકિસ્તાન સુધી રાહુલ ગાંધી અને તેમની કોંગ્રેસ હંમેશા ભારતના હિતોના વિરોધીઓની પડખે હોવાનું કેવી રીતે દેખાય છે?

ભાજપે વધુમાં કહ્યું કે જમ્મુ-કાશ્મીરથી લઈને બાંગ્લાદેશ સુધી કોંગ્રેસનું વલણ પાકિસ્તાન જેવું છે. વાસ્તવમાં, જિયો ન્યૂઝ પર હામિદ મીરની કેપિટલ ટોક પર, જયારે પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજાને પૂછવામાં આવ્યું કે, ફારુક અબ્દુલ્લાના પિતા શેખ અબ્દુલ્લા અને પંડિત નેહરુ વચ્ચે ૩૭૦ અને ૩૫એ નક્કી કરવામાં આવ્યું હતું. વર્તમાન ચૂંટણીમાં આ બંને પક્ષો નેશનલ કોન્ફરન્સ અને કોંગ્રેસનું કહેવું છે કે, તેઓ જમ્મુ અને કાશ્મીરમાં કલમ ૩૭૦ અને ૩૫એને પુનઃસ્થાપિત કરશે. શું તમને લાગે છે કે આ શક્ય બનશે?

તેના પર આસિફ ખ્વાજાએ કહ્યું કે મને લાગે છે કે, આ શક્ય બની શકે છે. આ મુદ્દો ઘણી વખત ચર્ચામાં આવ્યો છે. બંને પક્ષોએ પોતપોતાની પ્રેસ કોન્ફરન્સમાં પણ આ વાત કહી છે. જો ત્યાં કોંગ્રેસ અને નેશનલ કોન્ફરન્સની ગઠબંધન સરકાર બનશે તો મને લાગે છે કે આ ફરીથી શક્ય બનશે.

પાકિસ્તાની રક્ષા મંત્રીના નિવેદન પર બીજેપી નેતા મનજિંદર સિંહ સિરસાએ કહ્યું કે, ખ્વાજાએ આવું કેમ કહ્યું કારણ કે પાકિસ્તાનનો ઝંડો, પન્નુનો ઝંડો દેશ તોડવા માટે છે, જ્યારે રાહુલ ગાંધીનો ઝંડો દેશ તોડવા માટે છે. ચીનનો ધ્વજ કોંગ્રેસનો ધ્વજ છે, ચીન જે ઈચ્છે છે તે કોંગ્રેસ ઈચ્છે છે. રાહુલ ગાંધી સત્તા મેળવવા માટે દેશના દુશ્મનો સાથે હાથ મિલાવે છે. દેશને તોડનારાઓને સાથ આપો. દરમિયાન પાકિસ્તાનના રક્ષા મંત્રી આસિફ ખ્વાજાના નિવેદન પર ફારુક અબ્દુલ્લા ગુસ્સે થઈ ગયા હતા. જ્યારે ફારુક અબ્દુલ્લાને આસિફ ખ્વાજાના નિવેદન અંગે સવાલ પૂછવામાં આવ્યો ત્યારે તેમણે કહ્યું કે, પાકિસ્તાન શુ કહે છે તેનાથી મને કોઈ ફરક નથી પડતો. હું પાકિસ્તાની નથી. હું ભારતીય છું. પાકિસ્તાનના રક્ષા મંત્રી આસિફ ખ્વાજાએ કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં કલમ ૩૭૦ ફરીથી લાદવા અંગે પાકિસ્તાન સરકાર અને નેશનલ કોન્ફરન્સ-કોંગ્રેસ ગઠબંધનની સાથે છે.

---

### બુલેટ ટ્રેનની કામગીરી ખૂબ ઝડપથી ચાલી રહી છે

## વડોદરામાં બનશે વડથી પ્રેરિત ડિઝાઇનનું બુલેટ ટ્રેન સ્ટેશન

### ૧.૭૭ લાખ સ્કવેર ફૂટમાં ફેલાયેલા આ સ્ટેશનમાં ટાપુ આકારના બે પ્લેટફોર્મ અને ચાર રેલવે ટ્રેક હશે

વડોદરા, તા.૧૯

અમદાવાદ મુંબઈ હાઈ સ્પીડ રેલની એટલે કે બુલેટ ટ્રેનની કામગીરી ખૂબ ઝડપથી ચાલી રહી છે. જેને લઈ બુલેટ ટ્રેન માટેના સ્ટેશનોનું બાંધકામ પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

જોકે આ કામગીરીને કારણે વડોદરાને નવું નજરાણું મળવાનું છે.

નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા વડોદરાના હાઈસ્પીડ બુલેટ ટ્રેન સ્ટેશનનો અંદરનો નજારો કેવો હશે એ દર્શાવતો એક વીડિયો જાહેર કરવામાં આવ્યો છે. ૧.૭૭ લાખ સ્કવેર ફૂટમાં ફેલાયેલા આ સ્ટેશનમાં ટાપુ આકારના બે પ્લેટફોર્મ અને ચાર રેલવે ટ્રેક હશે. વડોદરા શહેરમાં પંડયા બ્રિજ નજીક અંદાજે ૧.૭૭ લાખ સ્કવેર ફૂટ વિસ્તારમાં બુલેટ ટ્રેન સ્ટેશનનું નિર્માણ થઈ રહ્યું છે. આ HSR સ્ટેશનની ડિઝાઈન શહેરમાં જોવા મળતા વડલાઓની પુષ્કળ માત્રાને કારણે 'બનિયન ટ્રી'થી પ્રેરિત છે. આ સ્ટેશન વિશાળ જગ્યામાં છે અને આસપાસ ભારતીય રેલવે અને બસ સેવાની કનેક્ટિવિટી હોવાથી ખૂબ જ અસરકારક સાબિત થઈ શકે છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે હાઈસ્પીડ રેલ પ્રોજેકટ અંતર્ગત વર્ષ ૨૦૧૦થી જુદા-જુદા શહેરમાં બુલેટ ટ્રેન માટેનું બાંધકામ પૂર જોશમાં ચાલી રહ્યું છે. અંદાજિત આ પ્રોજેકટની શરૂઆતને હાલ ૪ વર્ષનો સમય વીતી ચૂક્યો છે ત્યારે રૂ.૧.૧૮ લાખ કરોડનો ગુજરાતનો આ ડ્રીમ પ્રોજેકટ હાલ પૂર્ણતાના આરે છે.

વડોદરા રેલવે સ્ટેશન એ 'વાય' આકારની જંકશન રચના ધરાવે છે. જેમાં એક અમદાવાદ તરફ જાય છે અને બીજી રતલામ - નવી દિલ્હી તરફ જાય છે. અમદાવાદથી રતલામ - નવી દિલ્હી રૂટની ટ્રેનોના સંચાલન માટે વડોદરા સ્ટેશન પર ટ્રેનને રિવર્સ કરવાની જરૂર પડે છે, જેના કારણે સ્ટેશન પર ભારે ભીડ થાય છે.

---

### અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો સંપન્ન

## અંબાજી ખાતે મહામેળામાં અંદાજે ૩૨.૫૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ માં અંબાના દર્શન કર્યા

### આ વર્ષે મેળામાં જગતજનની માં-અંબેના ચરણોમાં અંદાજે રૂ. ૨.૬૬ કરોડથી વધુની રોકડ અને ૫૦૦ ગ્રામથી વધુના સોનાનું દાન પણ માઈ-ભક્તોએ કર્યું છે

અંબાજી, તા.૧૯

૫૧ શક્તિપીઠમાંથી એક શક્તિપીઠ ગુજરાતના અંબાજી ખાતે આવેલી છે. આ શક્તિપીઠમાં ૧૭૦ વર્ષથી જૂની ચાલતી પરંપરામાં આજે પણ લાખોની સંખ્યામાં ભક્તો દૂર દૂરથી પગપાળા આવે છે અને માં અંબેના દર્શન કરી ધન્યતા અનુભવે છે. દર વર્ષે અંબાજી ખાતે ભાદરવી પૂનમે મહામેળાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે તા. ૧૨ થી ૧૮મી સપ્ટેમ્બર સુધી યોજાયેલ આ મહામેળામાં અંદાજે ૩૨.૫૪ લાખથી વધુ શ્રદ્ધાળુઓએ માં અંબાના દર્શનનો લાભ લીધો હતો. જ્યારે, અંદાજે ૬૧ હજારથી વધુ ભક્તોએ ઉડનખટોલાના માધ્યમથી ગબ્બરે 'જ્યોત'ના દર્શન પણ કર્યા હતા. આ ઉપરાંત આ વર્ષે મેળામાં જગતજનની માં-અંબેના ચરણોમાં અંદાજે રૂ. ૨.૬૬ કરોડથી વધુની રોકડ અને ૫૦૦ ગ્રામથી વધુના સોનાનું દાન પણ માઈ-ભક્તોએ કર્યું છે. ભાદરવી પૂનમે દૂર દૂરથી લોકો અહીંયા પગપાળા સંઘમાં અથવા વાહનોમાં 'માં અંબે'ના દર્શન કરવા આવે છે. ત્યારે 'બોલ મારી અંબે, જય જય અંબે'ના નાદથી અંબાજીની ગિરિમાળાઓ ગુંજી ઉઠી હતી. પદયાત્રીઓ અને લાખો શ્રદ્ધાળુઓ માટે વિવિધ માર્ગોમાં સેવાભાવી નાગરિકો- સંસ્થાઓ દ્વારા વિનામૂલ્યે ભોજન પ્રસાદીની વ્યવસ્થા પણ કરવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યના વહીવટી તંત્ર દ્વારા ભાદરવી પૂનમના મહામેળામાં સુરક્ષા, ભોજન, મેડિકલ, શુદ્ધ પાણી, રેહવા માટે ડોમની સુવિધા તેમજ અંબાજીથી પરત વતન જતા પદયાત્રીઓ માટે વધારાની એસ.ટી. બસની વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવી છે.

ભાદરવી પૂનમના મેળામાં રાજ્ય સરકાર અને દાતાઓના સહયોગથી વિશાળ ભોજન પંડાલ બનાવવામાં આવ્યા હતા, જેમાં અંદાજે ૫.૧૯ લાખથી વધુ યાત્રાળુઓએ વિનામૂલ્યે ભોજનનો લાભ લીધો હતો. જ્યારે, પગપાળા આવતા યાત્રાળુઓને આરામ કરવા માટે ત્રણ વિશાળ ડોમ બનાવ્યા હતા, જે અંતર્ગત, જૂના કોલેજ ગ્રાઉન્ડમાં ૨૨,૫૫૬, કામાક્ષી ડોમમાં ૩૨,૫૨૦ તેમજ પાંચા ડોમમાં ૧૬,૮૭૭ માઈ ભક્તોની વિસામાની વ્યવસ્થા કરી હતી. આમ કુલ ૭૨ હજાર જેટલા ભક્તોએ આ સુવિધાનો લાભ લીધો હતો.

આ મહામેળા દરમિયાન અંદાજે ૨૦ લાખથી વધુ ભક્તોએ મોહનથાળ- ચીકીના પ્રસાદનો લાભ લીધો હતો. ઉપરાંત કોઈ પણ નાગરિકને ભાદરવી પૂનમના મેળા દરમિયાન અથવા તેના પછી તેમના વતન પરત જતા બસની અસુવિધા ના થાય તેવા ઉમદા આશયથી વધારાની એસ.ટી. બસો શરૂ કરવામાં આવી હતી. જેમાં માત્ર ૭ દિવસમાં એસ.ટી. બસોની કુલ ૧૧,૪૫૫ ટ્રીપો દ્વારા ૫.૦૪ લાખથી વધુ માઈ ભક્તોને સલામત રીતે તેમના વતન પહોચાડ્યા હતા.

'પ્લાસ્ટિક ફ્રી ગુજરાત' અને 'પદયાત્રાને - સ્વચ્છ પદયાત્રા' બનાવવાના મંત્રને સાકાર કરવા, GPCB દ્વારા આ પદયાત્રા દરમિયાન ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરીને તેનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નિકાલ કરવામાં આવ્યો હતો. સાથે જ, આ વર્ષે ઉદ્યોગ એસોસિયેશન દ્વારા પદયાત્રીઓને પ્લાસ્ટિકની પાંચ ખાલી બોટલ ઉપર એક સ્ટીલની બોટલ આપી પ્લાસ્ટિક મુક્ત ગુજરાતની એક નવતર પહેલ કરવામાં આવી હતી. સાથે જ, રાજ્ય સરકારના સાંસ્કૃતિક વિભાગ દ્વારા તા.૧૫ થી ૧૭ સપ્ટેમ્બર દરમિયાન વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું

---

## હિંદ મહાસાગરમાં દબદબો વધારવા ભારત-અમેરિકાએ શરૂ કરી કવાયત

નવી દિલ્હી, તા.૧૯

ચીન હિંદ મહાસાગરમાં છેલ્લા ઘણાં સમયથી પોતાનું પ્રભુત્વ વધારી રહ્યો છે, જેના કારણે ભારત અને અમેરિકા બંને દેશો ચિંતિત છે. અમેરિકાએ ડ્રેગનના પ્રભાવને અટકાવવા માટે આજે મોટી જાહેરાત કરી છે. અમેરિકી રાજ્યના નાયબ સચિવ કર્ટ એમ કેમ્પબેલ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું છે કે, હિંદ મહાસાગરમાં પ્રભાવ વધારવા માટે અમેરિકા ભારતનો ગાઢ સહયોગ ઈચ્છે છે. કેમ્પબેલે હાઉસ ફોરેન અફેર્સ કમિટી રિપબ્લિકનમાં નિવેદન આપ્યું છે કે, 'હું તમને માહિતી આપવા માંગું છું કે, અમેરિકા અને ભારત હિંદ મહાસાગર પર એક સત્ર યોજવા જઈ રહ્યા છે, જેમાં અમારી આંતરિક ચિંતાઓ શું છે, આપણે બંને દેશો એક સાથે કેવી રીતે ચર્ચા કરી શકીએ છીએ? તે તમામ મુદ્દાઓ પર અમે વાતચીત કરીશું.

અહેવાલોમાં જણાવ્યા મુજબ, અમેરિકા હિંદ મહાસાગરમાં ભારત જેવા ભાગીદાર સાથે કામ કરવા ઉત્સુક છે. આ માર્ગ વૈશ્વિક વેપાર માટે ખૂજ મહત્ત્વનો છે. વિશ્વના અનેક દેશો માટે હિંદ મહાસાગર અતિમહત્વનો રૂટ છે, અહીંથી અનેક માલવાહક જહાજો પસાર થતા હોય છે.

એક અંદાજ મુજબ વિશ્વનો ૬૦ ટકા સમુદ્રી વેપાર હિંદ મહાસાગરના રૂટ પરથી જ પસાર થાય છે. આ રૂટ પરથી વિશ્વના એક તૃતીયાંશ કન્ટેનર કાર્ગો, વિશ્વના બે તૃતીયાંશ તેલ શિપમેન્ટ, લગભગ ૩૬ મિલિયન બેરલની આયાત-નિકાસ થાય છે.

ભારત, અમેરિકા અને ચીન સહિત અનેક દેશો માટે વેપારનો મુખ્યમાર્ગ ગણાતું હિંદ મહાસાગર મહત્વનો રૂટ છે અને આ રૂટ પર સૌથી વધુ ચીને પોતાનો પ્રભાવ વધાર્યો છે. અહીં તેણે સૈન્ય અડ્ડો તો પહેલેથી જ સ્થાપી દીધો છે, ત્યારે હવે તે હિંદ મહાસાગરમાં કાયમી વિમાનવાહક જહાજ ઉતારવાની તૈયારીમાં છે, જેના કારણે ભારત અને અમેરિકા બંને દેશો ચિંતિત છે. આવી સ્થિતિમાં બંને દેશો આ મુદ્દાઓ પર સાથે કામ કરવા રાજી થઈ શકે છે.

---

## કરણ જોહરે નવા રિયાલિટી શો 'ધ ટ્રેઇટર્સ'ની જાહેરાત કરી

મુંબઈ, તા.૧૯

કરણ જોહર કોઈ શૂટ માટે થોડાં દિવસ પહેલાં જેસલમેર ગયો ત્યારથી તેના નવા શો અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. ત્યારે હવે તેણે પોતાના ઈન્સ્ટાગ્રામ પર નવા રિયાલિટી શો 'ધ ટ્રેઈટર્સ'ની જાહેરાત કરી છે. અમેરિકન રિયાલિટી શોનું આ એક ઈન્ડિયન અડોપ્શન છે. કરણ જોહરે મંગળવારે આ અંગે પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટર શેર કર્યું હતું. તેણે લખ્યું,''આ શો એટલો અવિશ્વસનીય હશે કે તમે એક આંખ ખુલ્લી રાખીને ઊંઘશો. હાલ પ્રાઈવ વીડિયો ઈન્ડિયા માટે શૂટ શરૂ થયું છે.'' આ ઘટના સાથે સંકળાયેલા એક સૂત્રના જણાવ્યા અનુસાર,''કરણ જોહર આ શોના શૂટ માટે બે અઠવાડિયા જેસલમેરમાં હશે. આ શોના ફોર્મેટ મુજબ શોના કન્ટેસ્ટન્ટે બે અઠવાડિયા સુધી એક જ સ્થળે રોકાવું પડે છે. સમગ્ર દેશમાં વિવિધ સ્થળોની મુલાકાત લીધા બાદ શોની ટીમે જેસલમેર પર પસંદગી ઉતારી હતી. કન્ટેસ્ટન્ટે આ શોમાં ટકી રહેવા માટે કેટલાંક ટાસ્કમાં ભાગ લેવો પડશે. પરંતુ આ શોને રસપ્રદ બનાવી રાખવા માટે તેમાં ઘણા ટ્વિસ્ટ્સ અને ટર્ન રાખવામાં આવશે.'' એવી પણ ચર્ચાઓ છે કે કરણ કુન્દ્રા, સુદ્ધાંશુ પાંડે, રાજ કુન્દ્રા, અંશુલા કપૂર અને જાસ્મીન ભસીન આ શોમાં ભાગ લઈ રહ્યાં છે, પરંતુ હજુ આ અંગે કોઈ ઓફિશિયલ અનાઉન્સમેન્ટ થઈ નથી. કરણ જોહર હાલ આ શો સાથે 'દેવરા' અને 'જિગરા'ની રિલીઝ માટે પણ વ્યસ્ત છે. સાથે તેની અન્ય ત્રણ ફિલ્મો 'સની સંસ્કારી કી તુલસી કુમારી', 'ધડક ૨' અને અક્ષય કુમાર સાથેની ફિલ્મ જેનું નામ હજુ નક્કી થયું નથી, તેનું પણ કામ ચાલે છે.

---

## અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવન ખાતે દિગ્વિજય દિન ઉમંગભેર ઉજવાયો



શિક્ષણ, સંસ્કાર અને રાષ્ટ્રીયતા માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા. ૧૧/૯/૨૪ના રોજ સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા સ્વામીના શિકાંગો સંભાષણને યાદ કરીને આજના દિવસને દિગ્વિજય દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગે ચેતનભાઈ ધાનાણી (લાલાવદર), વ્રજરાજસિંહ ગોહિલ (ભાવનગર), જીજ્ઞેશભાઈ દાફડા, ગૌરવભાઈ મહેતા, સોહમભાઈ વાજા, જેનીષભાઈ ચૌહાણ, ચેતનભાઈ ધાનાણી, કેવલભાઈ મહેતા વગેરે એ સક્રિય હાજરી આપી હતી. કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ સૌને આવકાર્યા હતાં. પોતાના પ્રવચનમાં આજના દિવસનું મહત્વ સમજાવ્યું હતું. તેમજ અર્જુનભાઈ દવેએ આજના મુખ્ય વકતા તરીકે સુંદર પ્રેરક પ્રવચન આપ્યું હતું. અને સ્વામી વિવેકાનંદ અમેરિકાના સંસ્મરણો વિસ્તારથી યાદ કર્યા હતાં. કાર્યક્રમને સફળ બનાવવા સૌએ ભારે જહેમત ઉઠાવી હતી.

## રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં વરદ્‌હસ્તે

# અમરેલીનાં ''રાજમહેલ''નાં રીનોવેશનનો આજથી પ્રારંભ

નાયબ દંડક, સાંસદ, કલેકટર સહિતનાં પદાધિકારીઓ અને અધિકારીઓએ સ્થળ પરીક્ષણ કર્યુ

અંદાજિત ૧૨૫ વર્ષ પુરાણા ગાયકવાડ સ્ટેટનાં રાજમહેલને પુનઃ ધમધમતો કરાશે

લાયબ્રેરી, મ્યુઝીયમ સહિતની સુવિધા ઉભી કરીને પ્રવાસીઓ માટે ખુલ્લો મુકાશે

છેલ્લા બે દાયકાથી ''રાજમહેલ''નાં કાંગરા ખરતા હતા અને હવે તેની પુનઃ કાયાપલટ કરાશે





અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લાનાં ગૌરવવંતા ૧૨૫ વર્ષ પુરાણા ગાયકવાડ સ્ટેટે નિર્માણ કરેલ ''રાજમહેલ''નાં રીનોવેશનનો આવતીકાલે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનાં વરદ હસ્તે પ્રારંભ કરવામાં આવશે.

અમરેલીનો ''રાજમહેલ'' રાજાશાહી અને બાદમાં આવેલ લોકશાહીમાં બનેલ અનેક બનાવોનો સાક્ષી રહૃાો છે. આઝાદી બાદ ''રાજમહેલ''માં ન્યાયલય, કલેકટર અને પોલીસ અધિક્ષકની કચેરી કાર્યરત હતી. બાદમાં ક્રમશઃ ''રાજમહેલ''નાં કાંગરા ખરતા રહૃાા અને ક્રમશઃ સરકારી કચેરીઓનું સ્થળાંતર થતું રહ્યું.

છેલ્લા એકાદ દાયકાથી ''રાજમહેલ''ની હાલત અતિ બિસ્માર બની હોય ''અમરેલી એકસપ્રેસ''માં અવારનવાર ''રાજમહેલ''ની જાળવણી કરવા અંગે અહેવાલ પ્રસિઘ્ધ થયા બાદ

અનુસંધાન પાના ૬ ઉપર

## સરાકડીયા ગામનાં ઈસમોનું કારસ્તાન

# ખાંભાનાં તાતણીયા ગામની વતની મહિલાનાં હકક ઉપર તરાપ મારનાર સામે ફરિયાદ

### પોલીસે ગુન્હો નોંધી ધોરણસર કાર્યવાહી આદરી

અમરેલી, તા. ૧૯

મુળ ખાંભા તાલુકાના તાતણીયા વતની અને હાલ સુરત ગામે રહેતા સવિતાબેન પ્રાગજીભાઈ પુંભડીયા તે હકાભાઈ કાનાભાઈ વરીયાના દીકરીની ગેરહાજરીમાં તેની જાણ બહાર તેઓ તેમના પિતાના એકના એક સંતાન વારસદાર હોવા છતાં ગત તા. ૬/૩/૧૯ ના કોઈપણ સમયે તથા તા. ૨૭/૫/૧૯ ના કોઈપણ સમયે ખાંભા તાલુકાના મોટા સરાકડીયા ગામે રહેતા આરોપી વલ્લભભાઈ કાનાભાઈ વરીયા તથા ભરતભાઈ વલ્લભાઈ વરીયાએ તેમનો કાયદેસર વારસાઈ હકક છુપાવી આરોપી વલ્લભભાઈ કાનાભાઈ વરીયાએ તેમના નામનું રજી નં. ૧૩૨૫/૨૦૧૯ ની તા. ૨૭/૫/૧૯ થી નોટરી રજીસ્ટ્રેશન વાળું ખોટું સોંગદનામું તૈયાર કરી તેમાં મહિલાના પિતાને કોઈ સંતાન નહીં હોવાની વિગત દર્શાવેલ અને આરોપી વિનુભાઈ નરશીભાઈ આંબલીયા, નટુભાઈ મોહનભાઈ દેવાણી તથા નાગજીભાઈ પ્રાગજીભાઈ વરીયાએ મહિલા આ ગામના વતની હોવાનું અને તેમના પિતાના સંતાન હોવાનું અગાઉથી જાણવા છતાં પેઢીનામામાં મહિલાના દાદા કાનાભાઈ વાલાભાઈ વરીયાના તેમના પિતા હકાભાઈના મરણ ગયા બાદ સીધી લીટીના વારસદારોમાં મહિલા પોતે તથા તેમના માતા બન્ને હોવાનું જાણવા છતાં મહિલાની માતા એકને જ સીધી લીટીના વારસદાર દર્શાવી કાયદેસર મહિલાનો વારસાઈ હકક છુપાવી અને પેઢીનામું ખોટું હોવાનું જાણવા છતાં તેમાં પંચો તરીકે પોતાની સહીઓ કરી પેઢીનામું તૈયાર કરવામાં આરોપીને મદદગારી કરેલ હોય અને આરોપીએ સોંગદનામું તથા પેઢીનામું ખોટું હોવાનું જાણવા છતાં બદદાનતથી તેનો ખરા તરીકે ઉપયોગ કરી મામલતદાર (મહેસુલ) ખાંભા ખાતે મહિલાના દાદા કાનાભાઈ વાલાભાઈ વરીયાની મોટા સરાકડીયા ગામે ખાતા નં. ૬ ના સર્વ નં.૧૦/૩ કુલ–૮ વિઘા ખેતીની જમીનમાં વારસાઈ નોધ નં. ૧૩૭૪ પડાવી તે જમીન મહિલાના દાદાના ખાતેથી આરોપી ભરતભાઈ વલ્લભાઈ વરીયાએ તેમના ખાતે કરાવી લીધાની ફરિયાદ નોંધાઈ છે.

## જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસાનો ખુલ્લેઆમ દુરૂપયોગ

# અમરેલી જિલ્લામાં માર્ગ–મકાન વિભાગે રાતોરાત લોટ, પાણી અને લાકડા જેવી માર્ગની મરામત કરી

### મુખ્યમંત્રીનાં આગમનને લઈને માર્ગને રાતોરાત મેકઅપ કરાયો




અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં આવતીકાલ મુખ્યમંત્રી પધારવાનાં હોવાથી સમગ્ર વહીવટીતંત્ર ઊંધા માથે થયુંછે. ઠેકઠેકાણે સફાઈ, બંધ સ્ટ્રીટલાઈટ શરૂ કરવી કે માર્ગોની મરામત કરવાની કામગીરી યુધ્ધનાં ધોરણે શરૂ થઈ છે.

જિલ્લામાં ભ્રષ્ટાચારી ગણાતા માર્ગ–મકાન વિભાગને દોડતુ

અનુસંધાન પાના ૬ ઉપર

## મોડી રાત્રિ સુધી જેસીબીનો ધણધણાટ જોવા મળ્યો

# ધારીમાં વહીવટીતંત્ર દ્વારા દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવતા ફફડાટ ફેલાયો

### સબ ભૂમિ ગોપાલક કી સમજતા દબાણકર્તાઓમાં દોડધામ






તસ્વીર : નુરૂદીન ચાવડા–ધારી



ધારી, તા. ૧૯

ધારીમાં મોડી રાત્રિ સુધી સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા જાહેર જગ્યાએ થયેલ દબાણ દુર કરવામાં આવતાં દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાયો હતો.

ધારીમાં સરકારી જમીન ઉપર દબાણ કરનારને નોટિસ પાઠવવામાં આવ્યા બાદ સ્વૈચ્છાએ દબાણ દુર કરવામાં ન આવતા અંતે સ્થાનીક તંત્રએ દબાણ હટાવ્યુ હતુ. જાહેર માર્ગો કે જાહેર જમીન ઉપર કાતુ–પાકુ થયેલ દબાણ દુર કરવામાં

અનુસંધાન પાના ૬ ઉપર

## મહિલા–મહિલા વચ્ચે માથાકૂટ થયા બાદ

# લાઠીનાં સરકારી પીપળવા ગામે પતિ અને પત્નીને મારી નાખવાની ધમકી

### આરોપી ભાવીન નાગલા વિરૂઘ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૯

લાઠી તાલુકાના સરકારી પીપળવાગામે રહેતા કાળુભાઈ ગોવિંદભાઈ પરમાર નામનાં ૩૦ વર્ષિય યુવક તા. ૧૮નાં સવારના આશરે સાડા દસેક વાગ્યે પોતાના ઘર પાસે આવેલ બજારે જતા હતાં. ત્યારે બજારમાં તેમના પત્નિ સાથે તે જ ગામે રહેતા આરોપી

અનુસંધાન પાના ૬ ઉપર




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)